Reg. No. B. 3220




સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો / વાર્ષિક રૂ. ૧-૮-૦ | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર / તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૧ લું અંક ૩ જો. / ગુરૂવાર તા૦ ૧-૨-૩૪

# ભૂ-ત-કા-ળ-ની..........ભૂ-તા-વ-ળ.

હજુ ગઈ કાલ સુધીની એ વાત હતી, માનવ માત્રને ભૂતકાળનાં સંસ્મરણો યાદ કરવાં બહુ ગમતાં હતાં. ગઈ કાલનો વિકસિત પુરૂષાર્થ ત્હેમને આહ્લાદકારી લાગતો હતો. જીવનના ભૂતકાળના અને પૂર્વજોની જાહોજલાલીના યશોગાન ગાઈ ગૌરવ લેવામાં આવતું હતું, સમયનો મ્હોટો ભાગ આમજ વ્યતીત થતો હતો, ત્હેમાં ક્યાંયે ન્હોતો કર્તવ્યને સાદ, કે માનવતાને સ્થાન. કેવળ આત્મશ્લાઘા અને પ્રકૃતિ પોષણ સિવાય ત્હેનો કશો અર્થ ન્હોતો. એ રીતે વિરાટ જગતનો પામર માનવી પોતાની આદર્શ વિહોણી જીવન લીલાને સમાપ્ત કરતો હતો. ક્રાન્તિના વિશિષ્ટ આંદોલનો ત્હેને અસર કરતાં ન્હોતાં અને જુન વાણીમાં માનવ સમાજનું નાવ એમને એમ ચાલ્યા કરતું હતું, ખરેજ આ વસ્તુ સ્થિતિ નુકસાનકારક હતી.

વર્તમાનકાળ 'એ' યુવાનીનો વસંતકાળ છે, ત્હેમાં યુવાની ખીલી રહી છે કર્તવ્ય પરાયણતાના પરાગની સૌરભ ચોતરફ ફેલાઈ રહી છે, એ સૌરભથી આશા, પ્રેરણા અને આદર્શના ફીલ્લાઓ ચણાઈ રહ્યા છે, કો આશાભર્યો યુવાન એ સૌરભથી દિગન્તને ગજવે છે. મહાત્માજી કે ટાગોર જેવા મહા પુરૂષો જીવન સંધ્યાને આરે હોવા છતાં પણ પૂર્ણપણે યુવાનીના સાજ સજે છે. વૃદ્ધાવસ્થાને ક્યાંયે સ્થાન નથી, અરેબીયન નાઈટસની જેમ જાણે કોઈ મહાન જાદુગરે જાદુ કર્યું હોય ત્હેમ સર્વત્ર યુવાનીજ દેખાય છે અને ત્હેના તાપમાં ભૂતકાળની પ્રબળ ભૂતાવળો બળીને ખાખ થઈ રહી છે. માનવ માત્રને આ પ્રસંગ આહ્લાદજનક–કલ્યાણકારી છે. કારણ કે પ્રણાલિકાવાદની વજ્રમયી જંઝીરો તોડી પામર માનવ વિરાટ બનતો જાય છે. આ સંકળનામાં કુદરત જબ્બર સાથ આપી રહી છે.

પ્રણાલિકાવાદના પ્રબળ પૂજારી સમા આપણા સમાજમાં પણ એ ચીનગારીઓ છુટી છે, વાતાવરણને સંક્ષુબ્ધ બનાવી મૂક્યું છે, જુનવાણી સ્વરૂપના કિલ્લા નીચે ત્હેણે સુરંગની ગરજ સારી છે, અને જુનવાણી સ્વરૂપોમાં પોતાની સલામતી વાંચતા સમાજના આપમેળે બની બેઠેલા માન્યાતાઓના સિંહાસનો ડોલાવી નાખ્યાં છે. વર્ષો થયાં જડો જમાવીને પડેલા પુરાણવાદના ફુરચા ઉડાવી દીધા છે અને ત્હેને આધારે જીવતા ધર્માધિકારીઓની પામરતાને ખુલ્લી કરી નાખી છે. આ પરિવર્તન નરી આંખે જોવા છતાં પણ ભૂતકાળની ભૂતાવળની ભવ્ય માયા જાળમાં સપડાયેલ એ પામર જંતુ પોતાની નબળાઈઓ ઉપર ઢાંકપિછોડો કરી સમયના પરિવર્તનની સ્હામે લુલો બચાવ કરી રહેલ છે, મરતાં મરતાં પણ ભૂતકાળની ભવ્ય સ્મૃતિઓ (!) બચાવવાની કોશીષો કર્યા કરે છે, પણ કરાલ કાળ એ કશાની પરવા કર્યા વિના નિરંતર પોતાનું કામ કર્યે જાય છે.

ધર્માધિકારી આ વસ્તુ સ્થિતિથી બરાબર વાકેફ હોવા છતાં પણ માનવ પ્રકૃતિ સુલભ નબળાઈઓને વશ થઈ એ નિરંતર જુનવાણી સ્વરૂપોને પોષવામાંજ પોતાની શક્તિઓ ખર્ચે છે, આમ આઘાત પ્રત્યાઘાતમાં સામાજિક શક્તિનો હ્રાસ થઈ રહ્યો છે. સમાજે હવે આમ ભૂતકાળની ભૂતાવળની પાછળ પોતાની શક્તિનો નિરર્થક હ્રાસ વધુ વખત નહિ ચલાવી લેવો જોઈએ. યુવાની એ કાર્ય કરશે, જેમ જેમ યુવાનીનો દિનકર સમાજગગનાંગણમાં ખીલતો જશે તેમ તેમ જુનવાણીનો અંધકાર નષ્ટ થતો જશે, અને એક દિવસ એવો આવશે કે તમામ ભૂતકાળની ભૂતાવળનો સંપૂર્ણ નાશ થયો હશે એ દિવસ બહુ દૂર નથી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।

सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર. )

# તરૂણ જૈન.

ગુરૂવાર તા૦ ૧-૨-૩૪

## સંમેલનના મૂળમાં

( ૨ )

કેટલાક ભાઇઓ તરફથી એવી સૂચનાઓ મળી રહી છે કે "મુનિઓ પોતાનું સંમેલન ભરે ત્હેમાં આપણે શા માટે વિરોધ કરવો જોઇએ ?" આ સૂચના સરસ લાગે છે, ત્હેમાં તથ્ય જરૂર છે, પણ આ સૂચના કરનાર ભાઇઓએ સમજવું જોઇએ કે આ મુનિઓનું સ્થાન સમાજના જુનવાણી સ્વરૂપમાં માનતા વર્ગમાં સવિશેષ છે અને તેવા વર્ગને આગળ કરી તેઓ સમસ્ત સમાજના નામથી બધું કરી શકે તેવી પરિસ્થિતિ ઉભી કરી શકે તેમ છે. આ વસ્તુ સ્થિતિ સમાજ માટે ભયજનક છે. સાધુઓ આપસમાં મળે, સમાનતાના પાઠો પઢે, વિચારોની આપ લે કરે અને સમાજના પુનરૂત્થાન માટે પ્રશ્નોની વિચારણા કરે ત્હેમાં આપણે વાંધો ન હોય, અર્થાત મુનિ સંમેલન માટે અમારો કશો વિરોધ નથી. મુનિ સંમેલન ભરાય એ બાબત અમે ઇષ્ટ સમજીએ છીએ પણ એ મુનિ સંમેલનની કાર્યવાહી તરફ અમારો વિરોધ છે. એ જે રીતે આજે મેળવવામાં આવે છે, ત્હેની સ્હામે અમારો પ્રબળ વિરોધ છે.

સાધુઓને આમંત્રણ આપવામાં પણ મ્હોટે ભાગે પક્ષપાત સેવવામાં આવ્યો છે. દાખલા તરીકે સુરતમાં શ્રી સાગરાનંદજીને આમંત્રણ આપવા નગરશેઠ જાતે ગયા અને ત્યાંજ બિરાજતા શ્રી વિજયેન્દ્રસૂરિજીને આમંત્રણ પત્રિકા સ્વયંસેવકદ્વારા મોકલવામાં આવી. નગરશેઠે ત્હેમની પાસે જવામાં આવશ્યકતા સ્વીકારી નહિ. આ વસ્તુ સ્થિતિ પક્ષપાત સૂચવે છે. નગરશેઠને માટે દરેક આચાર્યો સરખા હોવા જોઇએ. ત્હેમણે તો મ્હોટા ન્હાના કે વિદ્વાન બધાની સમાનતા સ્વીકારવી જોઇએ.

જે આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી છે ત્હેમાં ગોળમોળ કારણ જણાવાયું છે, ખાસ પ્રશ્નોનું સૂચન કરવામાં આવ્યું નથી. ત્હેમાં લખવામાં આવ્યું છે કે "હાલમાં કેટલોક સમય થયો આપણામાં કેટલેક અંશે અનિચ્છનીય વાતાવરણ થયું છે, આપણા અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાળાબાધિત શ્રી વિતરાગ શાસનમાં એટલું પણ છાજે નહિ જેથી શાંતિ માટે **એક મુનિ સંમેલનની ખાસ જરૂર** છે. તેમ ઘણા વખતથી આપણા મુનિ મહારાજાઓમાં ચર્ચાતાં તેઓશ્રીની ઇચ્છાનુસાર અમો શ્રી સંઘે શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક મુનિઓનું સંમેલન અત્રે ભરવાનું નક્કી કર્યું છે. આ આમંત્રણનો કશો અર્થ નથી, પરંતુ સમાજને અંધારામાં રાખી આવા સંમેલનદ્વારા સમસ્ત સમાજના નામે મનમાનતું કરાવવાની પેરવીઓ છે ત્હેના પુરાવામાં સંભળાય છે કે "મુનિ સંમેલનની સાથે દરેક ગામોના સંઘોની એક સભા અમદાવાદના શ્રીમાન નગરશેઠના પ્રમુખપણા નીચે મળે અને સંમેલને જે ઠરાવો કર્યા હોય તે ત્હેની પાસે કબુલ કરાવવાં" તેવા પ્રકારના પ્રયત્નો પણ બહુજ મ્હોટા પ્રમાણમાં થઇ રહ્યા છે. આ બાબત અમદાવાદમાં જાણી ચુકેલ નથી. કારણ કે પહેલાં પણ તેવા દાખલાઓ બન્યા છે. અમુક સમય પહેલાં શેઠ આણંદજી કલ્યાણજીનું નવું બંધારણ ઘડવા સમસ્ત હિંદના જૈન સંઘોના આગેવાનોની એક સભા બોલાવવામાં આવી હતી તે સમયે પહેલેથીજ એવું તંત્ર ગોઠવવામાં આવ્યું હતું કે ઠરાવરૂપે મુકાતા બંધારણ વિરૂદ્ધ કોઇ ઉભો થઇ બોલવા તૈયાર થતો તો તેને તરતજ બેસાડી દેવામાં આવતો હતો. કાર્યવાહકો પોલીસ પણ લાવ્યા હતા. આમ મુત્સદ્દીગીરીથી મન માનતું બંધારણ પાસ કરવામાં ફાવી ગયા હતા. આ વખતે પણ તેવું નહિં કરે ત્હેની શી ખાત્રી ? બીજું શ્રી વિજયનેમિસૂરિની સર્વોપરિતા અને ખુબ લાગવગ છે, ત્રીજું સોસાયટી પણ ત્યાં મ્હોટા પ્રમાણમાં પ્રયત્નશીલ છે, ચોથું ત્યાં જે લોકો આવશે તે બધા સાધારણ રીતે સાધુઓ તરફ હમદર્દી ધરાવતા હશે. તદુપરાંત ત્યાં અંધશ્રદ્ધાળુઓનો તોટો નથી આમ દરેક રીતે રૂઢિચુસ્તો માટે અમદાવાદ ખુબ અનુકૂળ છે અને તે દ્રષ્ટિએજ આ બધા ઠાઠ નંખાતા હોય તેમ માનવાને પૂરા વિશ્વસનીય કારણો મળે છે. જેમ જેમ દિવસો જતા જાય છે અને સંમેલનની તિથિ નજીક આવતી જાય છે તેમ તેમ નવી નવી અફવાઓનો જન્મ થતોજ જાય છે ત્હેનું કારણ જનતાને ત્હેની કાર્યવાહી ઉપર જરાયે વિશ્વાસ નથી. ખાસ કરીને ત્હેના કાર્યવાહકોએ જનતાને વિશ્વાસમાં લેવા ખાતર ત્હેની કાર્યવાહી બહાર પાડવાની અનિવાર્ય જરૂર છે.

યુવકની દ્રષ્ટિએ તો આ સંમેલન ચાહે તેવા ઠરાવો કરે છતાં નિષ્ફળજ નિવડવાનું છે, કારણ કે સાધુઓ કદિપણ પ્રણાલિકાવાદનો ભંગ કરશે નહિ. પ્રણાલિકાવાદમાંજ ત્હેમની સલામતિ છે, ગમે તેવા સુધારક વિચાર ધરાવનાર સાધુ હોય છતાં તે તરફ યુવકોનો જરાયે વિશ્વાસ નથી. લોકવાયકાથી જો કોઇ વધારેમાં વધારે બીકણ પ્રાણી હોય તો તે જૈન સાધુ છે ત્હેનાથી ખુલ્લી રીતે પ્રણાલિકાઓનો કદિ વિરોધ નહિ થઇ શકે. પછી તે પ્રણાલિકા સારી હોય વા ખરાબ, એ પ્રણાલિકાથી સમાજને લાભ થતો હોય કે નુકસાન પણ એ પ્રણાલિકાને અનુસરણ કરવામાંજ પોતાનું હિત જોશે એટલે મ્હોટે ભાગે નિડરતાનો અભાવ છે અને જે નિડરશે, ત્હેનો અવાજ ત્યાં કોણ સાંભળશે કે કેમ તે એક પ્રશ્ન છે. આમ વિધ વિધ રીતે વિચારતાં યુવકોને મન નિરર્થક વ્યય સિવાય મુનિ સંમેલનનું કશું સંગિન પરિણામ જણાતું નથી. કેવળ યુવક પ્રવૃત્તિને દાબી દેવાનો આ ભયંકરમાં ભયંકર પ્રયત્ન કરવામાં આવે છે. એટલે સમસ્ત યુવક સંઘોએ, યુવક પ્રવૃત્તિમાં માનતા યુવાનોએ તેમજ ત્હેને વેગ આપનારાઓએ જરાયે સમય ગુમાવ્યા સિવાય એકત્ર બળ જમાવવાની જરૂર છે. અને જરૂર જણાય તો એકત્ર બળનો ઉપયોગ કરવામાં જરાયે પાછી પાની નહિ કરવા માટે સજ્જ થવું ઘટે. અમને આશા છે કે યુવકો સવેળા ચેતશે અને સમાજમાં જે યુવક પ્રવૃત્તિ દિવસાનુદિવસ જોર પકડતી જાય છે તેને નાબૂદ કરવાના સઘળા પ્રયત્નો થશે તેને સ્ફોટ કરી જનતાને તેનું સાચું સ્વરૂપ બતાવશે તેની સામે લડી લેવા તૈયાર થશે. ...

# પ્રગતિના શિખરેથી.

**ભયંકર આફત**—બિહાર અને ઓરિસ્સાના ધરતીકંપની જેમ જેમ વિગતો બહાર આવતી જાય છે ત્હેમત્હેમ ત્યાંની કરૂણ દશાનો ખ્યાલ જનતાને આવતો જાય છે. કુદરતે ઉપરોક્ત ભૂમિ ઉપર કારમો કેર વર્તાવ્યો છે. ત્હેણે લગભગ પચ્ચીસ હજાર માનવીઓના અમૂલ્ય જીવનનો ભોગ લીધો છે એટલુંજ નહિ પણ ઘરબાર માલ મીલ્કત વગેરેમાં હજારોનું નુકશાન કર્યું છે. આખા ગામોનાં ગામોને વેરાન બનાવી મૂક્યાં છે, ખેતરોમાં રેતી ભરી દીધી છે. નીરને અપેય બનાવી મૂક્યાં છે. અને તેવાં બીજાં કૈંક કૈંક દાનવી કૃત્યો કર્યાં છે, આપણા તીર્થ સ્થાનોમાં પણ ત્હેની અસર થઇ છે. આવે સમયે આપણી માનવ પ્રત્યેની સ્પષ્ટ ફરજ ખડી થાય છે. એ ભૂમિના કંગાલ અને નિરાધાર માનવીઓ માટે હમદર્દી બતાવવા 'ફુલ નહિ તો ફુલની પાંખડી' પણ કંઇક આપવાની આવશ્યકતા ઉભી થાય છે. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે આ બાબત તાત્કાલિક ઉપાડી લીધી છે અને જેટલો બને તેટલો વધારેમાં વધારે ફાળો આપી માનવી માનવી પ્રત્યેની પોતાની ફરજ અદા કરી છે તે માટે મંડળને ધન્યવાદ ઘટે છે પરંતુ એથી આપણી ફરજ પુરી થતી નથી. સમાજની દરેક વ્યક્તિ પોતાનું કર્તવ્ય સમજી બિહાર ઓરિસ્સા સંકટ નિવારણ ફંડમાં યથાશક્તિ ફાળો આપી કુદરતના કારમા અત્યાચારનો ભોગ બનેલ માનવીઓના આશીર્વાદ મેળવે ત્હેમ અમે ઇચ્છીએ છીએ.

**ચિત્રકળા પ્રદર્શન:**—ચિત્રકળા એ માનવીની રસવૃત્તિ ઉશ્કેરવાનું તેમજ પ્રેરણા મળવાનું સ્થાન છે, આર્યાવર્તમાં આ કળા ખૂબ ફુલીફાલી હતી, ત્હેમાંયે જૈન સમાજે આ કળાને ખૂબ અપનાવી છે, જ્યાં જ્યાં પ્રસંગો ઉપસ્થિત થયા ત્યાં ત્યાં ત્હેને સ્થાન અપાયું છે, મંદિરો અને હસ્તલિખિત પ્રતો આજે ત્હેની ખાત્રી આપે છે પણ એ ભૂતકાળની વાત છે. વર્તમાન કાળમાં એ કળા ખીલવવાની ખુબ જરૂર છે. તે માટે પ્રમાણિક પ્રયત્નો થવા જરૂરી છે, ઇતર સમાજો શિલ્પકારોને ઉત્સાહ તેમજ સમાજને એ કળામાં પાવર્ધા થવાની પ્રેરણા આપવા માટે પ્રદર્શનોની ગોઠવણ કરે છે, આપણે પણ ત્હેમનું અનુકરણ કરવાની જરૂર સ્વીકારી હોય ત્હેમ અત્રેની બાબુ પન્નાલાલ પુનમચંદ હાઇ સ્કૂલના ચિત્રકળા પ્રદર્શનથી જણાય છે. આ ચિત્રપ્રદર્શનની વિશેષતા એ હતી કે ત્હેમાં જૈન વિદ્યાર્થીઓએજ સંપૂર્ણ ભાગ ભજવ્યો હતો અને જુદી જુદી જાતના રમકડાં, લાકડાનું કોતરકામ, કાગળ ઉપરનાં ચિત્રો પ્રેક્ષકોને આનંદ આપતાં હતાં, સ્કૂલના વ્યવસ્થાપકોનો આ પ્રયાસ સ્તુત્ય છે, વિદ્યાર્થીઓને ઉત્સાહ મળે અને ભવિષ્યમાં તેઓ મહાન શિલ્પકાર બને તે માટેના આવા પ્રયત્નો અત્યંત જરૂરી છે.

## સ્ત્રી સમાજની અધોગતિ.

છેલ્લા દાયકા પહેલાનાં વસ્તિપત્રકમાં બાર લાખ જૈનોનો આકડો કાઢવામાં આવ્યો હતો, ત્યારે આર્યાવર્તની બત્રીસ કરોડની વસ્તી હતી જ્યારે છેલ્લા વસ્તિપત્રકમાં ત્રણ કરોડનો વધારો બતાવે છે, એટલે કુલ પાંત્રીસ કરોડ માણસના ભારત વર્ષમાં આજે વસ્તી છે, ત્યારે જૈન સમાજની સંખ્યામાં લગભગ એનો એજ આંકડો આવીને ઉભો રહ્યો છે, જૈન સમાજમાં કુલ ૧૨૫૧૩૪૦ સ્ત્રીપુરૂષો છે; ત્હેમાં ૬૪૪૬૧૧ પુરૂષો અને ૬૦૬૭૨૯ સ્ત્રીઓ છે; ૩૨૪૧૯૮ પુરૂષો તેમજ ૨૦૫૫૪૩ સ્ત્રીઓ અવિવાહિત, અને ૨૬૬૯૪૧ પુરૂષો અને ૨૬૭૫૧૦ સ્ત્રીઓ વિવાહિત છે: ૫૨૯૦૩ પુરૂષો વિધુરો અને ૧૩૪૨૪૫ વિધવાઓ છે. આ આંકડા ચોંકાવનારા છે. ત્હેમાંયે સ્ત્રી સમાજની સ્થિતિ તો બહુજ કરૂણાજનક છે. લગભગ નવમો ભાગ વિધવાઓનો છે ત્હેમાં પણ બાળવિધવાઓનું પ્રમાણ ઘણું છે. જે સમાજના બંધારણથી સ્ત્રીઓને આમ અનાથ થઇ રહ્યો હોય, ત્હેના જીવનને ચુંથવામાં આવતું હોય, એ બંધારણનો નાશ કરવામાંજ સમાજનું કલ્યાણ છે. સ્ત્રી એ પુરૂષની અર્ધાંગના કહેવાય છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ત્હેના સાથની માનવ માત્રને અનિવાર્ય જરૂર પડે છે, તે સ્ત્રીઓને જો સ્વતંત્ર જીવન ન જીવવા દેવામાં આવે, ત્હેને સમાનતા ન અપાય અને ઘરના એક ખુણામાં કેદીની માફક ગોંધી રાખવામાં આવે તો ત્હેનું પરિણામ બહુજ વિષમ આવે એ સ્વાભાવિક છે. આજની આપણી અધોગતિ અમુક અંશે ત્હેને આભારી છે, આ બાબત માટે ખૂબ વિચારવાની જરૂર છે. સમાજનો આ સળગતો પ્રશ્ન બન્યો છે, તે માટે ઉપાયો લેવાજ જોઇએ. આપણે ઘણી ઘણી વાતો કરી, પ્લેટફોર્મ અને પેપરોદ્વારા ખૂબ ખૂબ જાહેરાતો કરી, છતાં આપણે હતા ત્યાંના ત્યાંજ છીએ. એક તસુએ આગળ વધ્યા નથી, ત્હેનું કારણ આપણી નિષ્ક્રિયતા છે. સમાજનો આમ દિન પ્રતિદિન હ્રાસ થતો નિહાળી રહ્યા છીએ છતાં પેટમાંયે પાણી હાલતું નથી. એ આપણી બેદરકારી છે. વસ્તિગણત્રીના ઉપરોક્ત આંકડા જોઇ જો સમાજનું હિત જરા જેટલું પણ હૈડે હોય તો, જે બંધારણથી ઉપરોક્ત આંકડાવાળી પરિસ્થિતિ ઉભી થઇ છે તે બંધારણનો કોઇ પણ હિસાબે નાશ થવોજ જોઇએ. જે બંધારણથી આપણો નાશ નજીક ને નજીક આવતો હોય, તે બંધારણ ઉપરથી ભલે તેટલું સારૂં અને મજબૂત હોય છતાં ત્હેને સ્પર્શ કરવામાં પણ પાપ છે. કાયદાઓ અને બંધારણો સમાજની રક્ષાને માટે છે. એ જો સમાજના ભક્ષક બનતાં હોય તો ત્હેનું અસ્તિત્વ એક મીનીટ પણ ન ચલાવી લેવાય. સુજ્ઞો માટે એ સાદ છે. ત્હેનું એ પરમ કર્તવ્ય છે.

**અમારી મુશ્કેલીઓ:**—પ્રેસ અને બીજી મુશ્કેલીઓને અંગે અમે 'તરૂણ જૈન'ના નિયમિત અંકો આપી શકયા નથી, તે માટે અમે અમારા ગ્રાહકોની ક્ષમા માગીએ છીએ. હવે એ બધી મુશ્કેલીઓ દૂર થઇ છે અને વાંચકોને 'તરૂણ જૈન'ના નિયમિત અંકો મળે તે માટેના દરેક પ્રયત્નો કરવામાં આવશે. ચોથા અંકથી 'તરૂણ જૈન' તદ્દન નિયમિત થશે ત્હેની અમે ખાત્રી આપીએ છીએ.

## વીરશાસનની ચાલબાજી.

અમારા પહેલા અંકના અગ્રલેખની અમુક લીટીઓ લઇ વીરશાસનના મહા સુદિ પંચમીને શુક્રવારના સોળમાં અંકના ૨૩૩ મા પેજમાં 'પ્રસંગ રંગ'ના હેડીંગ નીચે બહુજ ઉંધો અર્થ કરવામાં આવ્યો છે. ત્હેમાં 'સાધુશાહીને' બદલે 'નોકરશાહી' શબ્દ મુકાડી દઇ સરકારને ઉશ્કેરવાની ચાલબાજી કરવામાં આવી છે. 'તરૂણ જૈન'નો રાજકરણમાં પડવાનો જરાયે ઉદ્દેશ નથી, ત્હેનો ઉદ્દેશ સામાજિક અને ધાર્મિક શુદ્ધિકરણનો છે. આટલો ખુલાસો બહાર પાડવો અમે જરૂરી સમજીએ છીએ.

# નવ નોકારશી અને સત્તર સામૈયાં.

આજ કાલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જગતમાં આગામી મુનિ સંમેલનનું આંદોલન બહુ જોસભેર ફરકી રહ્યું છે. કેટલાક એમ માને છે કે મુનિસંમેલન ભરાશે ત્યારે ભગવાન મહાવીર સ્વામીના સમવસરણની આપણને ઝાંખી થશે અને ચોથો આરો વર્તશે આ પ્રસંગે મુનિમહારાજાઓને આમંત્રણ આપનારી ભારે કિંમતી કંકોત્રીઓ તૈયાર થઇ રહી છે. અમદાવાદમાં એકત્ર થનાર મુનિવરોનાં દર્શનાર્થે ગામે ગામ અને શહેરે શહેરથી શ્રાવકોની સ્પેશ્યલો દોડી આવશે એમ કેટલેક ઠેકાણે સ્વપ્નો સેવાઇ રહ્યાં છે એમ સંભળાય છે કે આ પ્રસંગને પહોંચી વળવા હજારો રૂપિયાનો અમદાવાદ શહેરમાં ફંડફાળો થઇ રહ્યો છે. કેટલાક ધારે છે કે એ પ્રસંગે ઓછામાં ઓછી નવ તો નોકારશીઓ થશે અને મોટા મોટા આચાર્યોના નાનાં મોટાં સત્તર સામૈયાં નિકળશે.

આ બધી ધમાલ શા માટે? એવો તો કયો મોટો ધાડરીઓ ગઢ જીતવો છે કે આ બધો આરંભ સમારંભ અને કલ્પનાના કિલ્લાઓ રચાઇ રહ્યા છે? આ સંમેલન શા હેતુથી બોલાવવામાં આવે છે તેની કોઇને ખબર છે ખરી? આ સંમેલનમાં કયા કયા વિષયો ચર્ચવાના છે એની કાંઇ માહિતી મળી શકે ખરી? લોકો એટલુંજ જાણે છે કે ફાગણ માસમાં સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિના પ્રમુખપણા નીચે રૂઢિ પરંપરા અને જુનવાણીના કીલ્લા સમાન અમદાવાદ શહેરમાં અનેક મુનિવરોને એકઠા કરવાની યોજના ચાલી રહી છે. આ સંમેલનમાં શું કરવું-શું ન કરવું-તે સર્વ કાંઇ જાણી જોઇને કે અજાણપણે સંદિગ્ધ રાખવામાં આવ્યું છે. કેટલાક એમ ધારે છે કે આ સંમેલનનો હેતુ જુના વિચાર અને રૂઢિ પરંપરાની શૃંખલાઓને વધારે મજબૂત બનાવવા સિવાય બીજો કશોજ નથી. માટે તેને તોડી પાડવા માટે યુવકોએ અને નવ વિચાર ધરાવનારાઓએ પહેલાંથી કમર કસીને તૈયારી કરવી જોઇએ

અન્ય કેટલાક તેથી ઉંધીજ કલ્પના કરે છે કે આવું સંમેલન ભરાઇ શકે એજ શક્ય નથી અને કદાપિ મળે તો પણ આ માન્યતાઓ એકત્ર મળીને કશો પણ નિર્ણય કરે એ શક્યતાના પ્રદેશની બહારની વાત છે, હજુ થોડાજ દિવસ પહેલાં અનેક શિષ્ય ચક્રધર શ્રી વિજયનેમિસૂરિ અને શ્રી મદ્વિજયાનંદસૂરિના પટ્ટધર શ્રી વિજયવલ્લભસૂરિ બાજુ બાજુ ઘસીને ભાવનગર પાલીતાણાના પ્રદેશથી પસાર થયા છતાં એકબેકને મળી પણ ન શક્યા તો પછી જ્યાં બે પક્ષના બે આચાર્યો પણ સહેલાઇથી મળી શકતા નથી ત્યાં આટલા બધા માન્યતાઓ શી રીતે એકત્ર મળવાના હતા કે સંયુક્ત નિર્ણય ઉપર આવવાના હતા? આ સાધુ પરિષદ ગોળમેજી ભરશે કે ચતુષ્કોણ મેળવશે એ પ્રશ્ન તો હજુ હવે નક્કી કરવાનો છે.

આ પરિષદ કેમ મળશે અને શું કરશે તેની અમને બહુ ચિન્તાજ નથી. અમને ભય છે તે એટલોજ છે કે 'ખોદ્યો ડુંગર અને કાઢયો ઉંદર' એવુંજ કાંઇ મુનિ સંમેલનના અંગે થવા ન પામે. એમ થશે તો જાગૃત દુનિયાને જૈનકોમ પોતાની હાંસીનું એક નવું પ્રકરણ પૂરૂં પાડશે. હાંસી, જૈન કોમની હાંસી થવા ન દેવી હોય તો પ્રથમ તો નોકારશી સામૈયાનાં સર્વ મોભાઓને તિલાંજલિ આપવી જોઇએ. પચ્ચાસ સો મુનિઓ એકત્ર મળવા માંગતા હોય તેમાં જૈનકોમે પાંચપચ્ચાસ હજારનો ધુમાડો શા માટે કરવો જોઇએ! બીજું સંમેલન ભરીને કાંઇ પણ કામ કરવું હોય તો આગેવાન સાધુઓએ પહેલાં ખાનગી રીતે મળીને સંમેલનની ચોક્કસ રૂપરેખા નક્કી કરવી જોઇએ. આ જાતની રૂપરેખા નક્કિ કર્યા સિવાય જો સંમેલન ભરાશે તો તે કેવળ શંભુમેળો થશે અને સાધુઓનાં ડહાપણ અને મુર્ખાઇઓનું ચિત્ર વિચિત્ર પ્રદર્શન થશે. ત્રીજું એ પણ દરેક આચાર્યે અને સાધુઓએ સમજી લેવું જોઇએ કે આવાં સંમેલનો ત્યારેજ ભરાઇ શકે છે અને ફત્તેહમંદીથી પાર ઉતરી શકે છે કે જ્યારે પોતાની મોટાઇનું અને પોતાના મન્તવ્યોનું મમત્વ સંમેલનમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ દૂર કરીને આવે અને એકાંત લોક કલ્યાણની દૃષ્ટિએ આપણે શું કરવું જોઇએ અને કેમ વર્તવું જોઇએ એજ ધ્યેયથી ભિન્ન ભિન્ન વિષયો ચર્ચી નિર્ણયો સાધવામાં આવે. સાધુઓ સર્વ કાંઇ ત્યાગે છે તેના બદલામાં તે પોતાના મગજમાં અહંતાના તરંગોનો સંગ્રહ કરે છે, અનેક મસ્તકો જેને નમે તે કાળા માથાના માનવીનું મગજ અભિમાનથી ભમી જાય એ તદ્દન સ્વાભાવિક છે, આવી દશા, આજે આપણા સાધુઓની થઇ છે આમ હોવાથી જો આ સંમેલન સર્વ પક્ષના સાધુઓનું ભરાય તો તે એક રીતે ઇષ્ટ છે કે તેવા સંમેલનથી કેવળ અહંતાના હાથી ઉપર અસ્વાર થઇને વિચરતા આચાર્યો અન્ય સાધુઓ સાથે સમાન ભૂમિ ઉપર બેસતા શિખશે અને ભિન્ન ભિન્ન વિચારોની લેવડ દેવડથી પોતપોતાના વિચારોમાં કાંઇક નવીન બુદ્ધિનો અંશ ઉતારશે.

પણ એવું સર્વપક્ષી સાધુ સંમેલન, એવું અહંકાર વિમોચન અને એવી જગકલ્યાણની શુદ્ધ બુદ્ધિની ભાવના આજે તો કેવળ સ્વપ્ન સમાન છે. આજે જે કાંઇ હીલચાલ ચાલી રહી છે તેનાં આદિ ચિન્હો ઉપરથી પરિણામ નવકારશી અને સામૈયાનું ધાંધલ અને ધુમાડો. સાધુઓના વિસંવાદની વિવૃદ્ધિ, રૂઢિ પરંપરાની કિલ્લેબંદી વધારે મજબૂત કરવાનો પ્રયત્ન અને સરવાળે જૈન કોમની હાંસી સિવાય બીજું કાંઇ વિશેષ દેખાતું નથી. માટે જૈન કોમને આવી જાહેર જગતની હાંસીથી બચવા અમારી ચેતવણી છે. સાધુઓમાં શાણપણ હોય તો અમદાવાદ જેવા જાહેર સ્થળને બદલે કોઇ બીજા એકાન્ત સ્થળમાં મળે અને તેમના વર્ગના ખાસ પ્રશ્નોનો પ્રથમ નિકાલ આણે. અમદાવાદ જૈન સંઘમાં શાણપણ હોય તો આવો ખરચાળ શંભુમેળો ઉભો કરવાને બદલે અગ્રેસર સાધુઓને એકત્ર કરીને સાધુ સાધુ વચ્ચેના સંબંધની અને સાધુ અને સંઘ વચ્ચેની મર્યાદા નક્કી કરવા પૂરતી ભૂમિકા તૈયાર કરવા એટલીજ ગોઠવણ કરી આપે અને તેમાં કાંઇક સફળ અને સંગીન પરિણામ નિપજ્યા બાદ મોટા સંમેલનની યોજના વિચારે.

સંમેલનના ભણકારા સાંભળતાં મને ઉપજતા વિચારોની આ છુટીછવાઇ નોંધ ઉપર આશા છે કે જૈન બંધુઓ પૂરતું ધ્યાન આપશે.

### સુધારીને વાંચવું.

અમારા પહેલા અંકના પાંચમાં પેજમાં રા. પરમાનંદ કાપડીયાના લેખનું હેડીંગ જંગલમાં મંગલ અને રાજા સહાય સો કરે' એમ જે છપાયું છે તેને બદલે જંગલમાં મંગલ વાને રાજા સહાય સો કરે' એમ વાંચવું.

# મ્હારૂં સ્વપ્ન—

—કેદારનાથ

સપ્તઅશ્વ યોગે જેમ બિહાર અને ઓરિસાની ભૂમિને સાફ કરી તેમ મારા પલંગ ઉપર પણ પોતાનો લોખંડી પંજો જમાવ્યો અને જેવો હું એ પલંગમાં પડ્યો કે તરતજ એ યોગ યોગના પ્રતાપથી બંદા તો ચોરવાજ લાગ્યા, પણ એ યોગયોગ ભૂલ્યો, યોગ યોગ એમ કંઇ કાચરાં ખેખવા થોડોજ છે એમ હતો, તેણે તો કલ્પનાના ઘોડા પુરપાટ દોડાવી મૂક્યા, બંદા સ્વપ્નદેવી સાથે સ્વારીએ ચડ્યા અને ઉંચે ને ઉંચે વધુ ઉંચે જવા લાગ્યા, મ્હને ડર લાગ્યો કે આ ગમનાગમન ક્યાંક આપણું પરલોકગમન ન કરી બેસે. પણ નસીબદેવી સાથે હતાં, તેથી અકસ્માત કંઇ બન્યો નહિં, હું આગળને આગળ ચાલ્યો, દૂરથી કંઇક મંદિરનગર જેવો દેખાવ નજરે નિહાળ્યો, મ્હને ત્યાં જવાનું મન થયું. હું એ મંદિરનગર તરફ આગળ વધ્યો, ચાંદની રાત હતી, આકાશ શુભ્ર હતું, તારાગણ પોતાના અમૃતમય કિરણોની ચાદર પૃથ્વી ઉપર બીછાવી રહ્યો હતો, પ્રકૃતિદેવીનું નૃત્ય આંખને આનંદ આપતું હતું. એટલામાં એક એરોપ્લેનનો અવાજ કાને અથડાયો, જરા ઉંચે જોયું તો એ એરોપ્લેન પાસે ને પાસે આવતું ગયું અને ઉપરથી પસાર થઇને પાસેના કોઇ ઉપવનમાં ઉતર્યું. મ્હને વિચાર થયો કે નિશબ્દ વાતાવરણમાં એરોપ્લેન ક્યાંથી ? સંખ્યાબંધ વિચારો આવ્યા અને પાણીના પરપોટાની માફક લય થયા, છેવટ નિશ્ચય કરી જે દિશા તરફ એ વિમાન ઉતર્યું તે તરફ હું ચાલ્યો, થોડેક દૂર ગયો ત્યાં તો પચાસ સો ઘરનું એક ગામ આવ્યું, એ ગામને પાદરે એરોપ્લેન ઉતર્યું હતું, અને તેમાંથી એક વ્યક્તિ કે જે આધેડ જેવી દેખાતી અને ગુજરાતી પાઘડું માથે મૂક્યું હતું તે ઉતરી અને ગામમાં ગઇ. હું પણ તેની પાછળજ ચાલ્યો, તે એક ઉંચા મકાનના ઓટલા પાસે અટકી અને કોઇને બુમ મારી, જવાબમાં બારણું ખુલ્યું અને તે વ્યક્તિને અંદર લીધી. બંદા તો બહારજ રહ્યા. ઝપ્પનીઝ દુકાળ જેવી આ ટાઢમાં આપણા તો હોંસકોસ મારવાડીને ત્યાં ગીરો મૂકી દીધા. (જોકે ત્યાં કોઇ મારવાડી તો ન્હોતો, પણ મ્હેં કલ્પના સૃષ્ટિમાં તેનું આકર્ષણ કર્યું) હવે અંદર કઇ રીતે પેસવું તે મુંઝવણ થઇ પડી, બારી એક પણ ખુલ્લી ન હતી. કારણ કે ત્યાં પણ જ્યોતિષી જુવાનો ગોળાગોળ ફરી વળ્યો હતો, મગજને ખૂબ કસી જોયું પણ કોઇ રસ્તો ન મળ્યો. હાથપગ ખૂબ પછાડવા પણ નિરર્થક. એટલામાં એ બારણું પુનઃ ઉઘડ્યું અને એક શ્વેત વસ્ત્રધારી હાથમાં કુંચી લઇ બહાર નિકળ્યા. એ પ્રસંગનો લાભ લઇ બંદા અંદર ઘૂસ્યા. અંદરનું દૃશ્ય જોયું અને ખ્યાલઆવ્યો કે આ તો પ...કે...સા છે. એક રૂમમાં બે ત્રણ શ્વેત વસ્ત્રધારી અને પહેલી વ્યક્તિ કંઇક ગુફતેગો કરી રહી હતી, માનવ પ્રકૃતિ અનુસાર મ્હને પણ તે સાંભળવાની ઇચ્છા થઇ અને તે બાજુ મ્હારી કર્ણેન્દ્રિયને સતેજ કરી હું એક ખુણામાં લપાઇ રહ્યો. પહેલી વ્યક્તિએ કહ્યું કે મહારાજ ! ગજબ થયો, વિરોધનો ભયંકર વંટોળીયો ચઢ્યો છે, આપણી તેમાં આપણે ફાવીશું કે કેમ ? એ પણ હવે સંશય જેવી વાત છે, જુવાનીયાઓ લઇ દઇને આપણી પાછળ મંડ્યા છે. એમ કહી બે ત્રણ છાપાંઓ મહારાજ પાસે મૂક્યાં, એ છાપાંઓ જોઇ મહારાજના મુખ ઉપર ગ્લાની ફરી વળી, પહેલી વ્યક્તિએ આગળ ચલાવ્યું કે મહારાજ મેં આ બધું કલ્પ્યું હતું પણ હવે આપણે શું કરવું તે અંગેની વિચારણા માટેજ હું આપની પાસે આવ્યો છું. આપ જાણો છો કે ખૂદ અમારા અમદાવાદમાં પણ આ બાબત માટે સખ્ત વિરોધ ઉઠ્યો છે, જવાબમાં મહારાજે આશ્વાસન આપ્યું અને કહ્યું કે ગમે તેમ થાય પણ આપણે ધારેલું કામ તો કરવુંજ જોઇએ. ચાહે તેટલો જાહેર છાપાઓ પોતાનો અભિપ્રાય જનતાને જણાવે, ગમે તેટલો આપણા કાર્ય વિરૂદ્ધ લોકમત કેળવાય, પણ એ બધાની મને જરાયે દરકાર નથી, હું મ્હારા મનનું ધાર્યું કરવાનોજ છું. મ્હેં જે વચન આપ્યું છે, અને જે આમંત્રણ પત્રિકા મ્હારા નામ સાથે બહાર પડી છે, તેને હું બરાબર વળગી રહીશ. તમે જાણો છો કે મુનિ સંમેલનનું ફળ ગમે તે આવે મારે તેની [illegible] કરી નિસ્બત નથી, જોકે મ્હને ખ્યાલ છે કે અમારા સાધુઓમાં ખૂબ ઇર્ષ્યા છે. મ્હને તેમાં સફળતા સાંપડવી અશક્ય છે. સાગરજી અને દાનસૂરિ મ્હારા પ્રબળ વિરોધીઓ છે પણ તેના પેટના સમર્થન માટેનો અંગત સ્વાર્થ હોઇને તે કોઇ પણ જાતની આમાં મુશ્કેલી ઉભી કરે તેમ હું માનતો નથી છતાં પણ કદાચ મુશ્કેલી ઉભી કરે તો આપણને દાવ ખેલતાં ક્યાં નથી આવડતા, એટલે તેમનો ભય તો મ્હને જરાયે નથી. સિદ્ધિસૂરિ, નીતિસૂરિ કે વલ્લભસૂરિ સરળ પ્રકૃતિના હોઇને મુનિ સંમેલનના કામમાં એ પોતાનો સંપૂર્ણ સાથ આપશે કારણ કે શાસનની ઉન્નતિના બ્હાને આ લોકો આપણા છત્ર નીચે આવશે એટલે સાધુસમુદાય તો બધો એકત્ર થઇ શકશે તેમાં મુશ્કેલી જેવું કંઇ નથી. હવે વિરોધમાં ફક્ત હાલનો નવજુવાન વર્ગ છે, જોકે તેને અવગણી શકાય તેમ નથી, તેને નહિ મનાવવામાં અમારો સર્વનાશ રહેલો છે એમ હું પ્રમાણિકપણે માનું છું. હવે જો તેનું સાંભળવામાં આવે તો રૂઢિચૂસ્તો કે જેનાથી અમારૂં નાવ ચાલે છે, શાસનોન્નતિ(?)ની અમારી મુરાદો બર આવે છે તે વર્ગને અવિશ્વાસ પેદા થાય અને તેથી અમારૂં ગાડું આગળ ન ધપે એટલે રૂઢિચૂસ્તોની પીઠ થાબડવા સિવાય કોઇ રસ્તો નથી. વળી પેલી ત્રણ હજાર મૂર્તિઓ માટેની વ્યવસ્થાની તમને ખબર છે ને ? એ બધી મૂર્તિઓ કદંબગિરિ બેસાડવી છે. તેમાં લાખો રૂપિયાની જરૂર પડશે અને તે રૂપીઆ આવા જલસા વગર ક્યાં મળવાના હતા ! મુનિ સંમેલનના નામથી સમસ્ત હિંદમાંથી રૂઢિચૂસ્તો બેચાર નિ આવશે એ રૂઢિચૂસ્તો પાસેથી મૂર્તિઓ અને મંદિરો પાછળ આપણે જેટલા રૂપીઆ ખર્ચાવવા ધારીશું તેટલા ખર્ચાવી શકીશું, વળી તમે જાણો છો કે પેઢીનું તેમજ મહુવાનું આપણી ઉપર કરજ છે. આ બધું નાણું આપણે કોઇ પણ હિસાબે ઉભું કરવુંજ પડશે. જો કે આ બધામાં જુવાનીઆઓની ડગલે ડગલે ને પગલે ઉભી થશે પણ તેઓ કર્તવ્ય પરાયણ નથી. ખાલી બોલવા સિવાય તેઓ કશું કરી શકે તેમ નથી, મ્હારો એવો અંગત અભિપ્રાય છે. એટલે તેમની વધારે પડતી બીક રાખવા જેવું કશું નથી. કદાચ યુવકો મજબૂત દેખાય તો આપણે ક્યાં કોઇ જાતનું બંધારણ બહાર પાડ્યું છે ? પાઘડી ફેરવતાં ક્યાં વાર લાગે છે ! છાપાઓના વિરોધમાં આપણે કશું ખોવાનું નથી. જો કે જૈન પત્ર અને જૈન જ્યોતિ

## તરંગ કલ્લોલ:—

—તરંગી.

ઓહ ! શ્રી. તંત્રીજી ! તમે તો મ્હને સમુદ્રના અગાધ જળમાંથી શોધી કાઢયો, પણ મહેરબાની કરીને મ્હારા માથે કશી જવાબદારી ન નાખશો, એટલી મહેરબાની બદલ હું તમારા બાપના બાપનો આભાર માનીશ સમજ્યા કે !

x x x

લે કર વાત, આ તો ચતુરભાઇ ચપડાસી અચાનક ફુટી નિકળ્યા અને વીરશાસનના ચારે ખૂણા ફરી વળ્યા. પણ મ્હારૂં બેટું કયાંયે જૈનત્વ ન દેખાયું, કયાંથી દેખાય ! ટુંકી દ્રષ્ટિના ચશ્મા ચઢાવેલ હોય અને રામજી પ્રેમજીની ફેકટરીમાંથી તૈયાર થયેલ માલને ઠેકાણે કરવો હોય, ત્યાં ખરી વસ્તુ સ્થિતિ કયાંથી સમજાય ? ચતુરભાઇની ચકોર દ્રષ્ટિ પહેલાં તો 'તરૂણ જૈન' ઉપર પડી જણાય છે, કારણ કે ત્હેના ફ્રંટ પેજની ચાર લીટી વાંચ જાણે કોઇ ઠાકરીઓ ગઢ જીત્યા હોય તેમ ત્હેના ઉપર બાર લીટીનું પૂરાણ ચલાવી દીધું છે છે, બુધ્ધિ કોઇના બાપની !

x x x

પણ ચતુરભાઇનું ધર્મશાસ્ત્ર કોઇ જુદી દ્રષ્ટિનું જણાય છે. ત્હેને મન તો ગરીબોના મોઢામાંથી બટકુ રોટલો અને છાસ્યું છાશ પણ ઝુંટવી લેનારા માલેતુજારો–ગરીબોને ભોગે લખોપતિ બનનારા પોતાની મોટી મિલ્કતમાંથી હજાર બે હજાર કે પાંચ દશ હજાર રૂપીયા ચતુરભાઇના ચાર ખૂણામાં વસતા કોઇ પુરોહિતોદ્વારા ખરચે, ઉપધાન ઉજમણાં અને નવાં મંદિરો બંધાવે, એજ સાચું જૈનત્વ જણાય છે. આ વસ્તુ સ્થિતિ જૈનત્વ કોને કહેવાય ત્હેની અજ્ઞાનતા સૂચવે છે.

x x x

આ હિસાબે તો જ્યારે ઉપધાન, ઉજમણાં કે નવાં મંદિરો માટે સ્થાનજ ન્હોતું ત્યારે ચતુરભાઇનું જૈનત્વ કયાં હતું ? સમુદ્રના અગાધ જળમાં કે માઉન્ટ એવરેસ્ટના શિખર ઉપર ! ચતુરભાઇના દિવ્ય જ્ઞાન પ્રમાણે જો જૈનત્વની વ્યાપ્તિ કરવામાં આવે તો એમ થાય કે 'જ્યાં જ્યાં ઉપધાન, ઉજમણાં અને રામજી પ્રેમજીની ફેકટરીનો માલ ખપતો હોય ત્યાં ત્યાં જૈનત્વ છે, અને જ્યાં જ્યાં ત્હેનો અભાવ છે ત્યાં ત્યાં જૈનત્વ નથી. ચતુરભાઇની આ વ્યાપ્તિ જો માનવામાં આવે તો પછી ઉપધાન અને ઉજમણાં તો અર્વાચીન છે, પ્રાચીનતાનું ઇતિહાસ સાક્ષી આપતો નથી, એટલે જૈનત્વ હતુંજ નહિં એમને ? વાહ! ચતુરભાઇ વાહ ! આધુરો ઘડો છલકાય, એ આનું નામ.

x x x

હવે ચતુરભાઇની ચાર ખૂણાની ચર્ચા આગળ વધે છે, કેવળ ફ્રંટ પેજને સ્પર્શીનેજ એ નથી અટક્યા પણ અગ્રલેખની છુટી જવાઇ સાડાતેર લીંટી એકઠી કરી વીરશાસનનું કોલમ ભરેલ છે, અને ત્હેના ઉપર ટિપ્પણ કરી કોઇ અજબ શાસ્ત્રી તરીકેની પ્રતિભા દાખવેલ છે. ઉપરોક્ત લીંટીઓમાં 'સાધુશાહી'ને બદલે 'નોકરશાહી' શબ્દ મુકાઇ ગયેલ છે. આ ભુલચૂકભરેલી આલબાદ્ધ સત્તાવાળાને ઉકેરવાની તો નથીને ! કે ટુંકી દ્રષ્ટિના ચશ્મા અને જૈનત્વની ધૂનમાં આંધળીઆ કરેલ છે ! ચતુરભાઇ ! આનો જવાબ તમારી સાક્ષાત સરસ્વતી (?) સ્વરૂપ જબાન આપશે કે !

x x x

ને ચતુરભાઇએ એ તેર લીંટીથી 'તરૂણ જૈન'ની લાયકાતનું માપ કરેલ છે. એટલુંજ નહિ પણ પાતાળ ફાડીને પણ 'પ્રસંગરંગ'માં શ્રીમંતશાહીનો અને સાધુશાહીના નાશનો અર્થ કરી કમાલ કરી છે. તેઓની સામાન્ય બુધ્ધિ શ્રીમંતશાહીનો નાશ એટલે બોલ્શેવીઝમ સમજે છે. પણ આ બાબત ખોટી છે. શ્રીમંતશાહીનો નાશ એટલે પરેશશાહીનો નાશ કે જે સમાજમાં આપખુદી ચલાવે છે. અને સાધુશાહીનો નાશ એટલે સેતાનશાહી પ્રવર્તાવવી 'એ' નહિં પણ આજકાલના સફેદ કપડાં નીચે છુપાયેલા સાધુતાના પવિત્ર ઝભ્ભા નીચે સેતાનીયતભરી ચાલબાજી અજ્ઞાની સમાજને ચાહિ પોકરાવતા સેતાનોની સેતાનીયતનો નાશ એ અર્થ છે. ચતુરભાઇનું કાળજું ઠેકાણે હોય તો આ બાબત સમજવી મુશ્કેલ નથી. પણ દુઃખે છે પેટ અને કુટાય છે માથું ! ત્હેમાં તરંગીનો શો દોષ ?

x x x

વળી પાછું કયાં છે જૈનત્વ ? ચતુરભાઇનો એ પ્રશ્ન તો ઉભોજ રહ્યો, ચતુરભાઇ ચોવીસ હાથનો ચોફાળ ઓઢી ત્હેમના બાપનો બાપ અને ત્હેના બાપના નામની પોક મૂકે તો પણ જ્યાં સુધી રામજી પ્રેમજીની ફેકટરીમાં એ હશે ત્યાં સુધી જૈનત્વ ત્હેમને ત્હેમના શિવાય કયાંયે દેખાવાનું નથી, પછી ભલે આલમના ચારે ખૂણા ફરી વળે. પણ આલમમાં ફરવાની ત્હેમને ફુરસદ કયાં છે !

---

નગ્ન ભાષામાં ટકોર કર્યા કરે છે અને તે દ્વારા લેખકો પોતાનુ માનસ વ્યક્ત કર્યા કરે છે. પણ હમણાં મુંબઇવી ગુજરાતીનું જે નવું છાપું નિકળ્યું છે તેમાં કુંવરજીભાઇના પરમાનંદે મ્હારા માટે ખુબ કટાક્ષો કર્યા છે. શું જમાનો આવ્યો છે ! ગઇ કાલના છોકરાઓ અમારા જેવા વર્ષોથી ચારિત્ર પાળી રીઢા થયેલાઓની સામે કટાક્ષ કરતા શીખ્યા છે. હજુ તો એનો પહેલોજ અંક નિકળ્યો છે ખરૂંને ! વારૂં જોયું જશે. તમે એક કામ કરો ? હજુ તમે સંઘ મેળવ્યો નથી, ખરૂં કે ? સંઘ મેળવો અનેરવાગત માટે સમિતિ ઉભી કરો, અને સંઘનો સહકાર સાધો ત્યાર પછી હું આવીશ ત્યારે બધું થઇ રહેશે. આ આદેશ લઇ પહેલી વ્યક્તિ એરોપ્લેનમાં પોતાને પંથે પડી. આપણે પણ બહાર પડયા. મુનિ સંમેલનના સૂત્રધારોનું માનસ પારખી મ્હને તો એમજ થયું કે આ સંઘ મક્કા પહોંચશે કે નહિ ? સ્વપ્નદેવીની આ મુસાફરીમાં મ્હેં મ્હને પોતાને રાજનગરમાં જોયો, અહિં શાસન સુભટોની છાવણીમાં તરખાટ મચેલો જણાયો વાતાવરણ ખુબજ સંક્ષુબ્ધ જણાયું. ત્હેમને પણ અવિશ્વાસ હોય તેમ જણાયું, તેમની મુરાદમાં હાવરી કે કેમ એ એમને મન પ્રશ્ન થઇ પડયો છે. છતાં પણ કંઇક સાથ મળશે એમ ધારી તેઓ મુનિ સંમેલનનું ડોલચું ખેંચી રહ્યા છે, રાજનગરની રંગભૂમિમાં કંઇક વધારે ટહેલવાની ઇચ્છા થઇ પણ પહેલા કાલોતરીયાએ આવીને સ્વપ્ન સહયોગ તોડી નાંખ્યો. નિંદ્રા અને સ્વપ્નદેવી બન્ને અદ્રશ્ય થયાં. બંદા પોતાના આરામગાહમાં ટાઢવો લ્હાણ મેળવી રહ્યા હતા ને ઉષાના આછા અજવાળાં પૃથ્વી ઉપર ઉતરી રહ્યાં હતાં.

## નૂતન સમાચારો.

**અમદાવાદ**—અત્રેની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિ શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઇ લખી જણાવે છે કે ઘણા વખતથી અંબાજી કુંભારીઆજી યાત્રાએ જતા યાત્રાળુઓ પૈકી યાત્રાળુઓ પાસેથી આબુજીની યાત્રા બદલનો આબુજીની યાત્રાએ જવાના છો કે જઇ આવ્યા છો તે સોગનપૂર્વક પૂછીને માથા દીઠ રૂ. ૦-૬-૦ આનાનો વધારાનો કર લેવામાં આવતો હતો. હાલમાં સુરતના દેવીભક્ત ઝવેરી અમીચંદ મોતીચંદે તે કર હાલના દાંતાના મહારાણા શ્રી ભવાનીસિંહજીને પ્રસન્ન કરી માફ કરાવ્યો છે તે બદલનો માતાજી મહાલકારીના ઝવેરી અમીચંદભાઈ પરના પત્રની નકલ સૌની જાણ માટે પ્રગટ કરીએ છીએ

નંબર ૨૨૮ નેક નામદાર શ્રી મહારાજાધિરાજ શ્રી મહારાણાજી શ્રી ભવાનીસિંહજી સાહેબ બહાદુર સ્થા. દાંતા ભવાનગઢ વી શ્રી માતાજી મહાલકારી કોર્ટ.

રા. રા. દેવીભક્ત શ્રી અમીચંદભાઇ

જત લખવાનું કે આપને જણાતાં આનંદ થશે કે નામદાર શ્રી હજુર સાહેબ બહાદુરને આપની રૂબરૂ અરજ ઉપરથી નામદાર શ્રી હજુર સાહેબ બહાદુરે શ્રી માતાજીએ આવતાં યાત્રાળુઓ પૈકી જૈનો પાસેથી માઉન્ટ આબુની જાત્રા કરવા બદલ મુંડકા ઉપરાંતનો જે હકક લેવાતો, તે માફ કરવામાં આવ્યો છે, અને તેની મતલબનો હુકમ નંબર ૯૧ તા. ૬-૧-૩૪ નો અમારી તરફ આવી ગયો છે. તે જાણશો તા૦ ૧૩ માહે જાન્યુઆરી સને ૧૯૩૪.

સહી.

નથુસીંધ જી.

માતાજી મહાલકારી.

સંઘ સેવાના આવા ઉમદા કાર્ય માટે સંઘ તરફથી અમે ઝવેરી અમીચંદભાઇને સહર્ષ ધન્યવાદ પાઠવીએ છીએ અને જેનો પરનો આ વધારાનો કર ઉદાર ચિત્તે માફ કર્યો બદલ ના. મહારાણાશ્રીનો પણ આભાર માનીએ છીએ.

—અત્રે ડોશીવાળાની પોળમાં ડોકીયું કરતા એક ભાઇ લખી જણાવે છે કે અમારી પોળમાં બીરાજતા ઉપાધ્યાયજી તથા અન્ય સાધુની પૂરી ખાત્રી છે કે અમદાવાદ મુકામે ભરાતું સાધુ સંમેલન ફળીભુત થવાનું નથી. તે માટે ઉપાધ્યાય પ્રેમવિજય તથા બીજા સાધુઓ પ્રયત્ન કરી રહ્યા છે. શ્રી લબ્ધિસૂરિ, શ્રી દાનસૂરિ તેમજ શ્રી રામવિજય અમદાવાદ આવે એટલે શાસ્ત્રાર્થની તૈયારી માટેની બધી ગોઠવણો કરી શ્રી સાગરજીને શાસ્ત્રાર્થની ચેલેંજ અપાશે, વિશેષમાં દાનસૂરિના સંઘાડાના બધા સાધુ પાકે પાયે માને છે કે આ જીંદગીમાં શ્રી વલ્લભસૂરિ સાથે કે કાન્તિવિજયજી સાથે બનવાનું નથી અને કોઇ દિવસ સંપ થવાનો નથી. આ બાબત માટે શ્રી નગરશેઠનું લક્ષ ખેંચાય તેમ ઇચ્છું છું.

**મુંબઇ**—શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આશ્રય નીચે ચાલતા મહાવીર સ્ટુડન્ટસ યુનિયને પોતાનું છઠ્ઠું સ્નેહ સંમેલન ઓન. મી. જસ્ટીસ હરીલાલ જે. કણીયાના અધ્યક્ષપણા નીચે તા૦ ૨૮ મી જાન્યુઆરીએ ઉજવ્યું હતું. તે પ્રસંગે આખો હોલ ચીકાર ભરાઇ ગયો હતો, આ પ્રસંગે વિદ્યાર્થીઓએ અંગ કસરતના જુદા જુદા પ્રયોગો કરી બતાવ્યા હતા એક વિદ્યાર્થીએ લોઢાની સાંકળ તોડતાં શ્રીયુત મણીલાલ એમ. શાહ તરફથી તે વિદ્યાર્થીને અગ્યાર રૂપીઆ ઇનામ આપવામાં આવ્યું હતું. ધાર્મિક પરીક્ષા પારિતોષિક પ્રદાન સમારંભ પણ એ સાથે જોડવામાં આવ્યો હતો.

### ખંભાતમાં કલેશ ઉભોજ છે.

#### પન્યાસ શ્રી રિદ્ધિમુનિજીની સાધુ સંમેલનમાં જવાની ખુલ્લી ના.

અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇએ ખંભાતની વીશા શ્રીમાળી ન્યાતનો ઝગડો પતાવ્યો એ ખુશી થવા જેવું છે પણ લાંબા વખતથી ચાલ્યો આવતો અત્રેની પાંચે ન્યાતોનો કલેશ નગરશેઠે પતાવ્યો નથી. ખરો કંકાસ છે તે તો ઉભોજ રહ્યો. કહેવાય છે કે ખંભાતનું સોસાયટી ટોળું ઓસવાળ પોરવાળ વગેરેને સાથે લેવા ના પાડતું હોવાથી નગરશેઠ એ બાબતમાં કંઇ કરી શકયા નથી. આ બાબતમાં ઘટતું કરવા અત્રેના શ્રી રતીલાલ ખેચરદાસે નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇને ફરી ખંભાત આવવા માટે વિનતિ કરી છે, કારણ કે ખરો આ કલેશ પતાવવાનો છે. એક ન્યાતનું પતું તેમાં મુશ્કેલી ન્હોતી પણ પાંચે ન્યાતોનો કલેશ પતાવવો એમાંજ ખરી મુશ્કેલીઓ છે.

અત્રે જ્યારે નગરશેઠ આવ્યા ત્યારે ખરતર ગચ્છના પન્યાસ શ્રી રિદ્ધિમુનિજી પણ અહિંજ હતા તો પણ નગરશેઠે તેમની પાસે જવું ઉચિત માન્યું નહિં. અને આમંત્રણ આપવા બીજા કહીઆને મોકલ્યા, જ્યાં પક્ષપાતનો મેલ ભર્યો હોય ત્યાં સફળતાની કઇ જાતની આશા રાખી શકાય ? પંન્યાસ રિદ્ધિમુનિજી સંમેલનમાં જવાની ખુલ્લી ના પાડે છે, જૈન સમાજ સાવધાન ! જ્યાં આવી દાવપેચની રમતો રમાતી હોય ત્યાં સાચા સાધુ સહકાર કેવી રીતે આપી શકે ? શ્રી રિદ્ધિમુનિજી અત્રેથી અમદાવાદ તરફ ન જતાં સુરત તરફ વિહરી ગયા છે.

### શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મળેલી સામાન્ય સભા અને નવા વર્ષ માટે ચુંટાયેલી કાર્યવાહક કમીટી.

તા૦ ૨૧-૧-૩૪ ને રવિવારના રોજ વાર્ષિક સામાન્ય સભાની એક મીટીંગ સંઘની ઓફીસમાં શ્રીયુત નાનજી લાધાજી શાહના પ્રમુખપણા નીચે દિવસના અઢી વાગે (સ્ટા. ટા) મળી તેમાં સર્વાનુમતે નીચે મુજબ કામકાજ થયું હતું:—

૧ સંવત ૧૯૮૯ ના કારતક શુદ ૧ થી આસો વદ ૦)) સુધીનો ઓડીટ થએલો હિસાબ, સરવૈયું અને રિપોર્ટ પાસ કરવામાં આવ્યો હતો.

૨ સંવત ૧૯૮૯ ની સાલની કાર્યવાહક સમિતિએ કરેલા ઠરાવ મુજબ કાર્યવાહક સમિતિની ચુંટણી થઇ હતી.

૩ સેક્રેટરીઓની નીચે મુજબ ચુંટણી કરવામાં આવી છે

૧ મણીલાલ એમ. શાહ

૨ અમીચંદ ખેમચંદ શાહ

૩ રતિલાલ સી. કોઠારી

૪ ઓડીટરોની નીચે પ્રમાણે ચૂંટણી થઇ હતી.

૧ નાનચંદ જગનલાલ શાહ

૨ જીવતલાલ ચંદભાણ કોઠારી.

ગત વર્ષની કાર્યવાહક કમીટી અને ઓડીટરોનો તેમણે કરેલ કામકાજ માટે આભાર માનવામાં આવ્યો હતો. બાદ પ્રમુખશ્રીનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

મેનેજીંગ કમીટીમાં ચૂંટાયેલ સભ્યોના નામ આવતા અંકે.




## વિચારનાં વ્હેણુ.

### આપણે સુધારક છીએ ?

સ્વજાતને સુધારક કહેવડાવતા એવા સજ્જનોના જુથ સાથે હું બેઠો હતો. કડી પ્હોર હતો. સમિર સુસવતો હતો અને દરેક તેણે સ્ત્રી ઉન્નતિ અર્થે શા શા સુધારા કર્યા સમાજમાં ને ઘરમાં, ત્હેની અનુક્રમે કથા કહેતા હતા.

એકે કહ્યું એણે સુધારો કર્યો અને રજા આપી એની સ્ત્રીને લાજ નહિ કાઢવાની ને વડિલો સમક્ષ બેસવાની.

બીજાએ કહ્યું એણે સુધારો કર્યો પોષાકમાં એની સ્ત્રીને એણે રજા આપી બાંય વિનાનાં બ્લાઉઝ પ્હેરવાની અને મરજી પડે તો શિર નહિં ઢાંકવાની.

ત્રીજાએ કહ્યું; એણે સુધારો કર્યો અને એની સ્ત્રીને એના (પુરૂષના) પુરૂષ મિત્રો સાથે પત્તાં કે બ્રીજ, બીલીયર્ડ કે રેમ રમવાની પરવાનગી આપી.

ચોથાએ કહ્યું એણે સુધારો કર્યો ને પરવાનગી આપી, એની સોળ વર્ષની પુત્રીને કોટ ને પાટલુન પહેરવાની ને પુરૂષ વેષ પ્હેરવાની.

પાંચમાએ કહ્યું એણે સુધારો કર્યો અને પરવાનગી દીધી એની પત્નીને વાળ બોબ્ડ કરાવવાની અને ત્હેના પુરૂષ મિત્રો સાથે ફરવાની.

ફરતી ફરતી આંગળી મ્હારી સામે આવી થોભી. મ્હેં શા સુધારા કર્યા અને સ્ત્રી ઉન્નતિમાં મ્હેં શો ફાળો દિધો એ મ્હારે કહી બતાવવાનો હતો.

મ્હેં કહ્યું ક્ષમા દેજો સ્પષ્ટ કથનને મ્હારી અગાઉના વક્તવ્યને વિચારતાં મ્હને લાગ્યું છે કે આપણે કોઇ સુધારકજ નથી '

સ્ત્રીને પરવાનગી દેવાનો કાબુ જ્યાં સુધી પુરૂષ હાથમાં રાખી રહ્યો છે ત્યાં સુધી સ્ત્રી સ્વતંત્ર નથી એ છે ઝાંઝવાનાં જળ. માત્ર સ્ત્રીઓને તમારી ઇચ્છા મુજબ તમે પરવાનગી આપો છો, અને સુધારક ગણાવવાનો ગર્વ લેવાય તે સારૂ તમે એને કેળવો છો. **હું તો ઇચ્છું છું કે પુરૂષ સ્ત્રીને શિખામણ દેવ નો અને પરવાનગી દેવાનો ઇજારો જતો કરે તો સ્ત્રી જલ્દી સ્વતંત્ર આપમેળે બની રહે.** આજે તો સ્ત્રી સુધારાને બ્હાને તમે એને કાંતો ગુલામજ બનાવો છો અગર તો તમને શોભા દેણુ ફર્નિચર બનાવી મૂકો છો. '

### પરિવર્તન કેમ થાય ?

જ્યોત્સના **ખુબ તેફાની છોકરી** છે. એનો દમીયલ પતિ, ડોકટરની આજ્ઞા અવગણીને બીડી પીવી છોડતો નથી અને શરીરની પાયમાલી કરી રહ્યો છે. જ્યોત્સનાની વિનવણી એને એ માનતો નથી.

એક પરમ રોજ જ્યોત્સના, હું ને એનો પતિ બેઠા હતા. મ્હારી ને એના પતિની આશ્ચર્યમુગ્ધ અજાયબી વચ્ચે જ્યોત્સનાના પતિએ બીડી માગી ત્યારે એક બીડી એણે પતિને દીધી અને બીજી બીડી જ્યોત્સનાએ પોતાનાં મ્હોંમાં મૂકી સળગાવી.

અમે ઠમકી રહ્યા. સરકારી ગણાતી એક સ્ત્રી આમ બીડી પીએ એ અણગમતી વાત હતી. જ્યોત્સનાનો પતિ તો ખૂબ ખીજાયો. એ છેકજ અસંસ્કારી બની ગયો અને જ્યોત્સનાને ગાળો દેવા માંડ્યો.

બીડીનો દમ ખાઇ, ધુમાડો કહાડતાં હસતી હસતી જ્યોત્સના બોલી, આપને ખીજાવાનું કારણ શું છે, મ્હેં પણ આપની જેમ બીડીમાં રસ લેવાનો નિશ્ચય કર્યો છે. અને મ્હારી ઇચ્છા છે કે બીડીદેવીને આરાધવામાં હું આપને સંપૂર્ણ સાથ દઉં." સારા કામમાં સ્ત્રીઓએ પુરૂષને સાથ દેવો એવી ધર્માજ્ઞા છે."

તને કાંઇ આગરૂનો ખ્યાલ છે,' પતિએ પૂછ્યું.

'હું આપને પૂછું છું કે જીવન કરતાં આગરૂ મોટી છે!' જ્યોત્સનાએ પૂછ્યું અને એની આરેગમ ધુમાડાના ગોટેગોટા બહાર કર્યા.

એક પળ બે પળ, અને પતિનો ગુસ્સો ઉતરી ગયો. એણે મ્હારી સમક્ષ પ્રતિજ્ઞા લીધી બીડી નહિ પીવાની, અને જ્યોત્સનાના દાર્શનિક કટાક્ષ પર ને એની હિમ્મતપર મ્હેં એને અભિનંદન દીધાં.

વર્ષો જૂની વસ્તુઓનું પરિવર્તન રહમજાનપટથી નથી થતું, નવી દુનિયા કુદરતને સર્જવાની હોય છે ત્યારે ધરતીકંપના આંચકા લાગે છે. જુનું વિનાશ વ્હોરે છે અને નૂતન સર્જાય છે. વિચારોના પરિવર્તનને સારૂં જડબોર માણસ પ્રગટે છે એ ધીરે ધીરે આંચકા મારે છે સમાજને સમાજ ખળભળી ઉઠે છે ને પરિવર્તન થાય છે. કાર્લ માર્કસ એવો આંચકા મારનાર હતો. એણે નવાં સત્વોથી જગત ખળભળાવી મુક્યું—અને આજે એ ખળભળાટથી થએલું પરિવર્તન આપણે જોઇ શકીએ છીએ. આજે જવાહરલાલ પંડીત આપણે ત્યાં આંચકા દેવામાં કુશળ ગણાય છે. શાંત વાતાવરણને એ ધીરે રહી એક આંચકો દે છે અને લાંબી મુદત સુધી ખળભળાટ થતો જાહેર પત્રોમાં આપણે જોઇ શકીએ છીએ. બર્નાર્ડ શો એવોજ કુશળ આંચકાદેનાર છે.

તમારે સ્થપાએલા સિધ્ધાંતોનું, જુની માન્યતાઓનું પરિવર્તન કરવું હોય તો સૌ એકાએક ચમકી ઉઠે એવા એ જુની માન્યતાઓને જડમૂળથી હચમચાવી દે એવા આંચકા મારતાં શીખી લેવું જોઇએ. એકે એક સુધારક, એકે એક પરિવર્તનકારમાં તમે એ કળાને ખૂબ વિકસેલી જોઇ શકશો.

### સાધુઓ પર સ્વામિત્વ :—

જૈન સાધુઓનો પ્રશ્ન જરા વિકટ બનતો જાય છે. ક્રિશ્ચિયન ધર્મમાં પાદરી બનતાં પહેલાં કેટલી કસોટીમાંથી પસાર થવું પડે છે અને છેલ્લે જ્હેને સત્તા આપવામાં આવી છે તે પૂરતી કસોટી પછી એને પાદરી બનાવે છે. આપણા જૈન ધર્મમાં એવી કોઇ કસોટી નથી અને એવું કોઇ બંધારણ નથી ગમે તે સાધુ, ગમે ત્હેને ઓઘો ને મુહપત્તિને ઝોળપટો આપી સાધુ બનાવી દે છે અને એવા ગમે ત્હેવા સાધુનાં ખાદ્યને સાધનો પૂરાં પાડવા માટે સમાજ બંધાયલો ગણાય છે.

આ મૂળ સ્થિતિજ ખોટી છે. આ જાતનાં સાધુઓને આપણે રોટલો નહિજ પૂરો પાડવો જોઇએ. ગમે ત્હેમ સ્વેચ્છા મારે સાધુઓ મુંડીને આપણી પર કોઇ બોજો વધારી મૂકે એ આપણે નહિજ ચલાવી લેવું જોઇએ

અપૂર્ણ

તારાચંદ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ રેશમ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ દુકાન નં ૨૪ મુંબઇ નં. ૨ તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું".

સમાજની ડૂબતી નૌકા.

Reg. No. B. 3220.




સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર | વર્ષ ૧ લું અંક ૪ થો |
| વાર્ષિક રૂા. ૧-૮-૦ | તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીઆ | શુક્રવાર તા૦ ૧૬-૨-૩૪ |

# "હું"—પહેલો પુરૂષ એક વચન.

વ્યાકરણથી પર એવી રીતે 'હું' ના હું ત્રણ વિભાગ પાડું છું.

પહેલો અહિંસા પરમો-ધર્મના પરમ ઉપાસકનો નમ્ર ને નિશ્ચલ હું; જે એની જાતને ક્ષુદ્ર માને ને પામરતા અનુભવે. વિશાળ જગતમાં અલ્પાંશ અનુભવતો એ એને કશાય હિસાબનો ના ગણે ને નમ્રતાના ભારમાં એટલો લચી રહે કે એનાં હાડકાં સિધાં ઉભાં રહી શકે નહિ ને જન્મથી તે જીવન પર્યંત એ પાંગળો બની રહે.

'અહમ્'ની ચાંપથી જેની ગર્દન અક્કડ રહે છે ને અકારણ પ્રત્યેક સુકૃત્યનો યશ તેને શિરે ઓઢવા મથતો માનવી એ બીજો 'હું' છે. એ હું અશક્તિમાન છતો એની જાતને જગત્ શિરોમણી મનાવવા પ્રયત્ન કરતો હોય છે. આવા માણસોમાં બુદ્ધિનું સ્થાન મૂર્ખાઇએ લીધું હોય છે એનામાં કશી આવડત ના મળે. એના મગજમાં અભિમાન એટલું ભરાઇ રહ્યું હોય છે કે અહંકાર ને જ્ઞાનને પ્રવેશવાને માર્ગ ના મળે. એવા 'હું' જગતની અવનતિના કારણરૂપ હોય છે. કોઇકની ચોપાટનાં એ સોગટાં હોય છે. કોઇ કુશળ કાવત્રાંબાજના એ સરસ રમકડાં બની રહે છે. અક્કડતાના મોહમાં ને કુશળતાના દંભમાં એ સદાય સૌનું સત્યાનાશ વાળે છે.

ત્રીજો, સ્વશક્તિએ સભાન ને સ્વમાનશાળી 'હું.' એના 'હું' માં ગગનચુંબી મહત્વાકાંક્ષા ને વિરામહિન પુરૂષાર્થ સમાયો છે. એ કાર્યો કરે છે ને પ્રતિભા પાડે છે. એ મહેનત કરે છે ને એની મહેનત કલ્યાણકારી નિવડે છે. આગળને આગળ એને ધપ્યે જવાની હોંસ છે ને સ્વજાતમાં એને ખૂબ શ્રદ્ધા છે. એની જાતને એ અપક્વ સુવર્ણ માને છે સ્વજાતને તપાવીને, ટીપાઇને જગતને શણગારવાના એ અભિલાષ સેવે છે. એને હૈયે એ ભાત પાડે છે ને કર્તવ્યની સૌરભ ભર્યો એ જીવનબાગને પથ્થ, વાતાવરણમાં મઘમઘી રહે છે.

> **અમદાવાદના નગર શેઠ સમગ્ર હિન્દની જૈન કોમના સંઘપતિ નથી.**
>
> **શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો ઠરાવ:—**
>
> તા. ૨-૨-૩૪ ના વીરશાસન પત્રના અઢારમાં અંકમાં છપાયું છે કે, "અમદાવાદના નગર શેઠ સમસ્ત હિન્દુસ્તાનના સંઘપતિ છે" આ લખાણ તદ્દન સત્યથી વેગળું અને જનતાને ગેર રસ્તે દોરવનારૂં છે એમ તા. ૧૧-૨-૩૪ ના રોજ મળેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ જાહેર કરેછે. અને વધુમાં જણાવે છે કે હિંદના સંઘોએ અમદાવાદના નગરશેઠને સમસ્ત આર્યાવર્તના જૈન સંઘપતિ તરીકે કદિપણ સ્વીકાર્યા નથી, તેથી આવા ભ્રમણાજનક હેવાલોથી સાવચેત રહેવા અપીલ કરે છે.

વિચારનાં વાદળ તમને ઘેરી વળે ત્યારે નક્કી કરજો, તમારો 'હું' કયા પ્રકારનો છે? અને આમાંથી કઇ જાતનો 'હું' તમને ગમે છે? અને એ નક્કી થયે જીવન ધ્યેય સહેલાઇથી નક્કી થઇ શકશે પછી એ ધ્યેયને પહોંચવા આસ્તે કદમ કે ઝડપી કદમની તમને યોગ્ય લાગે તેવી કુચ તમારે કરવાની બાકી રહેશે.

---

**ગ્રાહકોને સૂચના.** 'તરૂણ જૈન'ના ચાર અંકો આપને મોકલવામાં આવ્યા છે, પાંચમા અંકથી વી. પી. કરવાનું અમે નક્કી કર્યું છે. તો જે ભાઇને તરૂણ જૈન ના ગ્રાહક ન બનવું હોય તે મહેરબાની કરીને અમને લખી જણાવે કે જેથી અમારે વી. પી. ના ખોટા ખર્ચમાં ઉતરવું ન પડે બીજું તંત્રી ખાતાને લગતો બધો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો. તંત્રી 'તરૂણ જૈન' C/o ૮૧ નાગદેવી, ક્રોસ લેન, મુ. મુંબઇ નં. ૩

**पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।**
**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥**

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)


# તરૂણ જૈન.

શુક્રવાર તા૦ ૧૬-૨-૩૪


## સમાજની ડૂબતી નૌકા.

જુગ જુની એ વાત છે સમુદ્રના અગાધ જળની સપાટી ઉપર કોઇ નૌકા હસતી રમતી આવી રહી હતી. એ નૌકામાં સોળ મહત્ત્વાકાંક્ષી માનવીઓ અરબસ્તાનના કિનારેથી સમુદ્રના પેટાળમાં જઈ સાચાં મોતીઓ અને રત્નો લઇ સ્વદેશ તરફ સીધાવી રહ્યા હતા. એ સોળે માનવીઓ ચાર ચારની સંખ્યામાં ચાર વિભાગમાં વ્હેંચાઇ ગયા હતા. સૌ કોઇ પોતાના વિભાગમાં અનેક જાતની રમત ગમતો કરી સમય પસાર કરી રહ્યા હતા. એ ચાર વિભાગમાંના એક વિભાગનું મોતી અને રત્નો તરફ ખુબ આકર્ષણ થયું, અને તેણે મોતી અને રત્નોને હાથ કરવા માટે વિધવિધ જાતના ઉપાયો યોજવા માંડયા; બીજા, ત્રીજા અને ચોથા વિભાગમાં પણ એજ પ્રમાણે ભૂખ જાગી. સૌ કોઈ પ્રપંચો રચવા લાગ્યા અને એક બીજા આપસઆપસમાં ખૂન વહાવવાની તક શોધવા લાગ્યા. અમાવાસ્યાની કાળી રાત્રી સમુદ્રની સપાટી ઉપર કાળી ચાદર બીછાવી રહી હતી, સમીર કોઇ ભયંકર ઉલ્કાપાતની આગાહી કરી રહ્યો હતો, અને સમુદ્રના નીર મોજાં દ્વારા ખુબ ઉછળી રહ્યાં હતાં ત્યારે નૌકામાં રહેલ એક વિભાગે બીજા વિભાગ ઉપર હલ્લો કર્યો, બીજો વિભાગ પણ સાવધ હતો. ત્હેણે પૂરતી સાવચેતીથી એ હલ્લાનો સામનો કર્યો, આ ધમાધમમાં બીજા બે વિભાગો પણ સાવધ થયા, લડત ભયંકર સ્વરૂપમાં આવી ગઇ. કોઇ એવો તટસ્થ માનવી ત્યાં ન્હોતો કે જે આ સત્તાશોખીન અને મહત્ત્વાકાંક્ષી માનવોને સમજાવી ઠેકાણે લાવે. ત્હેમાં કોઇ શાણો આદમી ન્હોતો કે જે આ કલેશ પતાવવાને સમર્થ હોય, કોઇ અભાગી પળે આકાશ ઘનઘોર વાદળથી છવાયું, વિદ્યુત અને વર્ષાએ વાતાવરણ પલટી નાંખ્યું, સખ્ત વંટોળીયો અને વાવાઝોડાએ નૌકાને ખરાબે ચઢાવી દીધી; અને એ કોઇ સમુદ્રના છૂપા ખડક સાથે અથડાઇ ભાંગીને ભૂકો થઇ ગઇ ત્યાંસુધી પહેલા મહત્ત્વાકાંક્ષી માનવીઓ આપસમાં લડતાજ રહ્યા. પોતાને બચાવવાનો પણ કોઇએ પ્રયત્ન કર્યો નહિ, કારણ કે કોઇનુંયે લક્ષ્ય એ બાજુ ન્હોતું. જ્યારે ડુબવાની પળ આવી અને બચવાની કોઇપણ જાતની આશા ન્હોતી ત્યારે કંઇક ભાન આવ્યું, પણ હવે બહુ મોડું થઇ ગયું હતું. બચવા માટે ઘણા તરફડીયાં માર્યાં પણ નિરર્થક. પરિણામમાં સોળે માનવીઓ અઢળક દ્રવ્ય સાથે સાગરના નીરમાં અદ્રશ્ય થયા.

મુનિસંમેલનને આ કિસ્સો આબાદ લાગુ પડે છે ત્હેની નૌકા અનેક આશાઓ અને સમાજ પ્રગતિના સંદેશાઓ લઇને આવી રહી છે, ત્હેનો કોઇ સુકાની નથી, ત્હેમાં કોઈ તટસ્થ માનવી નથી. સૌ કોઇ વિચાર કરી રહ્યા છે કે આપણું શું ? ત્હેમાં ભાગ લેનારાઓ અનેક વિભાગોમાં વિભક્ત છે, કોઇ સૂરિસમ્રાટ બનવાની મહત્ત્વાકાંક્ષા સેવે છે તો કોઇને સત્તાની મહાન ભૂખ લાગી છે, કોઇ પોતાના પક્ષને મજબૂત કરવાની વેતરણમાં પડયા છે તો કોઇ પોતાની વિદ્વત્તા દેખાડવા ખાતર શાસ્ત્રાર્થ માટેની તૈયારીઓ કરી રહ્યા છે. અનેક સૂરીશ્વરો અને મુનીશ્વરો વ્યક્તિગત સત્તા અને મહત્ત્વાકાંક્ષાની ભયંકર ભઠ્ઠીમાં જળી રહ્યા છે, ત્હેમને સમાજની કશી પડી નથી, યુગપ્રવાહ કઇ દિશામાં વહે છે ત્હેની ગમ નથી બસ એકજ ધૂન લાગી છે મ્હોટાઇની. બહુજ કટોકટીનો સમય ઉભો થયો છે, નૌકા તરી પાર થશે કે અધેં રસ્તેજ ખડક સાથે અથડાઇ ભાંગી ભૂકો થશે એ પ્રશ્ન આજના સમાજને મુંઝવી રહ્યો છે.

સૂરીશ્વરો અને મુનીશ્વરોની આ આંતરિક ખટપટમાં સમાજ અનેક વિભાગોમાં વિભક્ત થઇ ગયો છે. જુદાં જુદાં વર્તુલો અસ્તિત્વમાં આવ્યાં છે. સૂરીશ્વરોની મહત્ત્વાકાંક્ષામાં આ વર્તુલોનો શેતરંજના પ્યાદાની જેમ ખુબ ઉપયોગ થઇ રહ્યો છે, અને આમ સામાજિક શક્તિનો આંતરિક કલહમાં હ્રાસ થઈ રહ્યો છે. ઇતર સમાજો આ સ્થિતિ ઇ જૈન સમાજની હાંસી ઉડાવે છે છતાં એ સ્થિતિ તરફ જરાયે લક્ષ્ય દોરાયું હોય ત્હેમ માનવાને કારણો નથી.

જૈન સમાજની અધોગતિ આજની નથી પરંતુ જ્યારથી સાધુઓ સમાજના ગાઢ પરિચયમાં આવ્યા, સમાજની અજ્ઞાનતાનો લાભ લઇ ધર્મને નામે ત્હેને અંધશ્રદ્ધાનું ઝેર પાયું, અને ધાર્મિક કેળવણીને બ્હાને પોતાના સત્તાના સિંહાસનો મજબૂત બનાવી સામાજિક દરેક કાર્યોમાં પોતાની આણ વર્તાવી. ત્યારથીજ થઇ રહી છે. બબ્બે હજાર વર્ષના વ્હાણાં વાયાં છતાં હજુ એ સ્થિતિમાં જરાયે ફરક પડયો નથી, આશામાં ને આશામાં હજારો વર્ષ ગયાં છતાં પરિસ્થિતિ દિનપ્રતિદિન બગડતીજ રહી છે, આ પરિસ્થિતિ હવે નહિ ચલાવી લેવી જોઇએ

સમાજે સાધુઓને અંગે ખૂબ સહન કર્યું છે, કોઇ સારા અર્થશાસ્ત્રીને ત્હેના સ્વેચ્છાચાર અને સત્તાની સાઠમારીના અંગે થયેલ આજસુધીના ખર્ચનો આંકડો કાઢવાનું કહેવામાં આવે તો ચોંકાવનારા આંકડાઓ બહાર પડે, સમાજમાં આજે જે બેકારી, બેહાલી અને આર્થિક જંઝાવાતનો પવન ફુંકાયો છે, ત્હેનું મૂળ કારણ એ છે. જે દ્રવ્યનો ધુમાડો ધર્મના નામે ત્હેમના તરફથી કરવામાં આવ્યો છે તેટલા દ્રવ્યથી સમાજનું એક પણ બાળક કેળવણી વગરનું ન રહે, સમાજમાં કોઇ બેકાર ન રહે. આ વસ્તુસ્થિતિ હજુપણ સમાજ સમજી જાય તો પરિસ્થિતિ કંઇક સુધરી શકે.

આજે પણ સાધુઓ પાછળ દર વર્ષે જેટલી રકમ ખર્ચવામાં આવે છે, ત્હેના ઝેરીલા ઉપદેશો અને પ્રવૃત્તિને પોષવા માટે જેટલા દ્રવ્યનો ધૂમાડો કરવામાં આવે છે ત્હેનાથી જૈન સમાજમાં એક સારામાં સારી જૈન યુનિવર્સિટિ સ્થાપી શકાય અને કેળવણીનો પ્રશ્ન આપોઆપ ઉકેલાઇ જાય.

યુવકજગત્ આ પરિસ્થિતિથી સફાળું ચોંકી ઉઠયું છે. અંધશ્રદ્ધાનાં પડળોને દૂર કરવા ભગીરથ પ્રયત્નો થઇ રહ્યા છે અને ત્હેમાં મ્હોટે ભાગે સફળતા સાંપડી રહી છે. વિચારોમાં ક્રાન્તિ આવી રહી છે. યુવકોની આ શક્તિ કંઇ જેવી તેવી નથી.

છતાં હજુ ઘણું કરવાનું છે. ત્હેની જે છૂટી છવાઇ શક્તિઓ વેરણ છેરણ થઈ ગઇ છે ત્હેને એકત્ર કરી સમૂહબળથી સામનો કરવાનો સમય આવી પહોંચ્યો છે. સત્તા ભૂખ્યા પામર માનવીઓની આપસની લડાઇમાં સમાજની નૌકા જે ડૂબવાની અણી ઉપર આવી રહી છે, ત્હેને ત્હેના પંજામાંથી છોડાવી કોઇ ખરાબે એ નૌકા ન ચઢી જાય ત્હેની તકેદારી રાખી સહીસલામત સામે પાર પહોંચાડવાની અમૂલ્ય પળ આવી રહી છે. શું યુવકો આ પળનો ઉપયોગ નહિં કરે ? ડૂબતી નૌકાને બચાવવાનું કામ યુવકોને ભાગે જાય છે. ત્હેને બચાવે કે ડુબાડે એ ત્હેની મુન્સફીની વાત છે.

# સાધુ સંમેલનનું બંધારણ અને કાર્યપદ્ધતિ.

જે સાધુ સંમેલનના ભણકારા દિગંતમાં સંભળાઇ રહ્યા છે જેની સંમેલન માટેની ધામધૂમ અને દોડાદોડી જોરશોરથી ચાલી રહી છે, જે સંમેલનને માટે તેના સૂત્રધારો આકાશ પાતાળ એક કરી રહ્યા છે, તે સાધુ સંમેલનની જરૂરીયાત આજ ઘણાં વર્ષો થયાં સમાજને આવશ્યક લાગતી હતી. કારણ કે જેઓ આ સંસાર છોડી ત્યાગી બન્યા છે, જેઓ આત્મકલ્યાણની ઉન્નત ભાવના માટેજ જીવે છે, તેઓમાંજ નાના મોટા, ઉંચા નીચા આદિની અહંભાવ વધારવાની ભાવનાએ વર્ષો પહેલાંથી ઘર કરવા માંડ્યું હતું, અને તેમાં પોતપોતાના ભક્ત શ્રાવકોને સંડોવી તેઓના પૈસાટકાની ફોરી આદિદ્વારા ખરાબી કરી, એ કલુષિત ભાવનાને એટલા ઉગ્રસ્વરૂપમાં તેઓએ મૂકી દીધી કે સમાજ છિન્ન ભિન્ન થઇ પક્ષાપક્ષીમાં વહેંચાઇ ગયો. આટલું પણ જાણે સંપૂર્ણ હોય નહિ તેમ સાગરજીએ ગુજરાતમાં આવી આસ્તિક નાસ્તિકની ચર્ચા ઉપાડી, સમાજે તેઓના કહેવાના બાબતી ઘણા માટે પુરાવા માગ્યા, પરંતુ તેમની હંમેશની ટેવ મુજબ એના સીધા ઉત્તરો નહિ આપતાં લડાયક મનોદશા અખત્યાર કરી. બીજી બાજુ અયોગ્ય દીક્ષા, દેવ દ્રવ્ય, સંઘસત્તાની અવગણના, ચારિત્રની શિથિલતા આદિ પ્રશ્નોની શાસ્ત્રોથી અસંબદ્ધ અને મનમાનતી ચર્ચા ઉપસ્થિત કરી. આથી જૈન સમાજમાં યુવકોના લોહી ઉકળી ઉઠ્યાં અને સમાજ નૈકા મધ્ય સમુદ્રે તોફાનમાં સપડાઇ ખરાબે ચઢી જવાની અણી ઉપર આવી પહોંચી.

જે સાધુસમુદાય પૂજ્ય મનાતો, તેની આ અધમ સ્થિતિ જોઇ એક પક્ષની એવી મજબૂત માન્યતા થઇ કે આ સ્થિતિમાં સુધારો થવા માટે સાધુઓએ અવશ્ય એકત્ર મળી કંઇક તોડ કહાડવો જોઇએ અને એ રીતે સાધુ સંમેલનની આવશ્યકતા સમાજને લાગવા માંડી, પરંતુ કોઇ તેને વ્યવસ્થિત સ્વરૂપમાં કે મૂર્તસ્વરૂપમાં મૂકી નિખાલસ ભાવે તે પરત્વે પ્રવૃત્તિ આદરી શકતું નહિં. કારણ કે જેઓ આ વસ્તુ સ્થિતિનો તોડ કાઢવા ઇચ્છતા હતા તેઓ પણ એમ સમજતા કે, સાધુઓમાં ઘણા મોટા અને અનિચ્છનીય મતભેદો છે, તેઓને સંપ્રદાય સંપ્રદાયની વચ્ચે આહાર પાણી લેવાનો સંબંધ નથી. એટલુંજ નહિ પણ બીજાનો લાવેલો આહાર વાપરવાથી પણ વટલાઇ જવા જેવી સ્થિતિ હતી. એક બીજાનાં મસ્તકો નમવાં જોઇએ ત્યાં આંખો લડતી હતી. આ વસ્તુસ્થિતિ જેઓ સમજતા હતા તેઓ સાધુઓને એકત્ર કરવાની હિંમત કરી શકતા ન હતા.

આખરે અમદાવાદના નગરશેઠે સાધુઓને એકત્ર કરી, એક સંમેલન ભરવાનું ગમે તે કારણે માથે લીધું, પરંતુ અમારે કહેવું જોઇશે કે નગરશેઠે આ ઉતાવળ કરી છે અને કેટલેક અંશે કાચું કાપ્યું છે. તેઓએ જે ઉતાવળ અને શૈલી અખત્યાર કર્યાં છે અને એ વાતાવરણમાં જે રંગ દેખાય છે તે જોતાં તેઓના લક્ષ્ય બિન્દુથી ઉલટાંજ પરિણામ આવે તો ના કહેવાય નહિ.

છતાં નિરાશ ન થતાં સમગ્ર હિન્દુસ્તાનમાંથી જેઓનો પ્રભાવ સાધુ સમુદાય ઉપર પડે તેવા પાંચ કે સાત અગ્રગણ્ય શ્રાવકો પ્રથમ દરેક આચાર્યને મળે, તેમના દરેક તકરારી પ્રશ્નો સાંભળે, ખૂબ વાટાઘાટ કરી તેમનો નિવેડો લાવવા પ્રયત્ન કરે, ત્યાર બાદ જ્યાં શ્રાવકોની દોડધામ ન હોય, અમુક સાધુઓની કિલ્લેબંદી જેવું ન હોય તેવા એકાદ સ્થળને પસંદ કરી ત્યાં આગેવાન આચાર્યોને એકઠા કરી પરસ્પર નિખાલસ ભાવે, ઉંચ નીચના ભેદ રાખ્યા સિવાય ખૂલ્લાં દિલે ચર્ચા કરે, જેઓ માનાપમાનનો ભોગ આપી નમતું આપવા તૈયાર ન હોય તેમને તે પ્રભાવશાળી શ્રાવકો શામ, પ્રેમ દંડાદિથી જીતી લઇ વાતાવરણ નિર્વિકાર બનાવે અને ત્યાર બાદ તે આચાર્યોની સહીથીજ સાધુ સંમેલન બોલાવે, જ્યાં બહુજ ધામધૂમ ન હોય તેવું સ્થળ પસંદ કરે, અને આમંત્રણની સાથેજ કોઇ પણ ગચ્છ કે સંપ્રદાયને બાધ ન આવે એવા પ્રકારના ઠરાવોનો ખરડો અને બંધારણ પણ બહાર પાડે અને દરેક સંપ્રદાયના પ્રતિનિધિ સાધુઓ તેમાં અવશ્ય ભાગ લે અથવા (જેઓ ન આવી શકે તેઓ) સંદેશા દ્વારા સહાનુભૂતિ દર્શાવે. આ રીતે સર્વને એકત્ર કરે અને તેઓમાંથીજ એક નિડર, તટસ્થ, સેવાભાવી અને જૈનધર્મની તેમજ સાધુ સમુદાયની હંમેશને માટે પ્રગતિ ઇચ્છનારા ચારિત્રશીલ સાધુની પ્રમુખસ્થાન માટે વરણી થાય અને તેઓના દરેક કાર્યને ભેગો થયેલો સાધુ સમુદાય માન આપે, અને થયેલા ઠરાવો દરેક ગામના સંઘોનું બંધારણ નક્કી કરી તે મારફત અમલ કરાવવાનું આગેવાન શ્રાવકો હાથ લે તો અમારી મજબૂત માન્યતા છે કે એકત્ર થયેલું સાધુ સંમેલન સાચું અને ઐતિહાસિક નિવડે અને સમાજ-નૈકાને તારી શકે.

આ વસ્તુસ્થિતિ લખવી જેટલી સહેલી છે તેટલી ઉત્પન્ન કરવી સહેલી નથી. અમોએ ઉપર જણાવ્યું તેમ પ્રથમ તો તેના માર્ગમાં નાના મતભેદોરૂપી જે કાંટાઓ વેરાયા છે, સંઘ સત્તા, જામનગર પાટણ આદિના ઝગડા, આહારપાણી સંબંધ, વંદનવિધિ, આવા આવા અંતરાયોને દૂર કરી પ્રથમ ભૂમિકા સાફ કરવાની ખાસ જરૂર છે. એ અંદર અંદરના વાંધાઓની પતાવટ થઇ જાય તો પરસ્પર શાન્તિ અને પ્રેમને સ્થાન મળે, અને એટલું થાય તોજ બીજા વિષયો ઉપર નિખાલસ ભાવે તેઓ ચર્ચા કરી તોડ લાવી શકે.

વળી સાધુ સંમેલનના સૂત્રધારોએ એક મુખ્ય મુદ્દો ખાસ વિચારવા જેવો છે, ને તે એ કે સાધુ સંમેલન સાચું પ્રતિનિધિત્વવાળું બનાવવું હોય તો, દરેક સંઘાડા દીઠ અમુક સંખ્યાનાજ પ્રતિનિધિઓ આવી શકે. કોઇ નજીકમાં હોય તેના ઘણા અને કોઇ દૂર હોય તેનો એકપણ પ્રતિનિધિ ન હોય તેવું બનવું ન જોઇએ. જો એ રીતે સંખ્યાબળમાં પ્રતિનિધિત્વનું પ્રમાણ સરખું રાખવામાં ન આવે તો જેઓ નજીક હોય તેઓ સંપૂર્ણ સંખ્યામાં દાખલ થઇ પોતાની બહુમતિથી જે ફાવે તે કરી શકે, અને લઘુમતિને તો કોઇ દાદ પણ ન આપે, અને એમ થતાં એ સંમેલન નહિ પણ શંભુમેળા જેવું થઇ હવા અને સમયનો નિરર્થક વ્યય કરવા જેવું થાય. તે ઉપરાંત સાધુ સંમેલને કરેલા ઠરાવો કાગળ ઉપરજ ન રહે અને તેનો યોગ્ય અમલ થાય તે માટે સંઘસત્તાનો સ્વીકાર થવો જોઇએ. સંઘસત્તાના નામથી જેઓ ભડકે તેઓ ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરશે તો સમજાશે કે ભૂતકાળમાં સંઘસત્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તે સત્તા વિના ઠરાવોનો યોગ્ય રીતે અમલ થવોજ અસંભવિત છે.

લી. સેવકો, પ્રચાર કમીટી,

**શ્રી મું. જૈ. યુ સંઘ.**

# મુનિ સંમેલન અંગેની વિચારણા.

અમદાવાદના એક આગેવાન શેઠ કસ્તુરભાઇ તરફથી મુનિવર્ગને આમંત્રણ માટે વિનંતિપત્ર બહાર આવતાં સમાજમાં ઘણીજ ગેરસમજ ઉભી થઇ હોય તેમ જણાય છે. કહેવાતી શાસન પાર્ટીના આગેવાનોની આવી હીલચાલ માટેની દોડધામ જાણીતી છે. હેમાં વિશેષ આગેવાનો મળતાં હેમણે અંદરોઅંદર ઠરાવ કર્યો અને આચાર્ય નેમિસૂરિને આમંત્રણ આપવા લગભગ ત્રીસ ગૃહસ્થોનું ડેપ્યુટેશન ભાવનગર ગયું. રસ્તામાં બોટાદ આવતું હતું કે જ્યાં શ્રી વિજયવલ્લભસૂરિ બિરાજતા હતા ત્યાં ફક્ત આમંત્રણ માટે ત્રણજ ગૃહસ્થો ગયા. આ પરિસ્થિતિ વિચારણીય છે.

મુનિ સંમેલન માટે અમદાવાદનો શ્રીસંઘ મળીને કોઇપણ જાતના ઠરાવ ઉપર આવ્યો હોય તેમ બહાર આવ્યું નથી, છતાં આમંત્રણો અપાઇ ચૂકયાં છે, એટલે સંઘ મેળવી તે માટેની સ્વતંત્ર વિચારણા કરવામાં આવે તે તો બેહુદું જણાય છે છતાં સંઘના સહકાર વગર મુનિ સંમેલનની સફળતામાં નવાણું ટકાનું જોખમ છે એ દેખીતું છે.

ખરી રીતે જોતાં આ સંમેલન કેવળ મુનિઓનું હોવાથી સંઘને વચ્ચે પડી દુઃખ ઉભું કરવા જેવું અને નકામો બોજો તોડવા જેવું રહેતુંજ નથી. એટલે મુનિઓની આમંત્રણપત્રિકામાં સંઘને વચ્ચે લાવવો ઇષ્ટ નથી. સાધુઓના નામથીજ આમંત્રણ પત્રિકા બહાર પડવી જોઇએ.

મુનિ સંમેલન શું કરવા માંગે છે, મુનિ સંમેલન શા માટે મળે છે તે હજુ નકી કરવામાં આવ્યું નથી. છતાં કંઇ પડદા પાછળ દોરી સંચાર થઇ રહ્યો હોય અને સંઘ સત્તાની અવગણના કરવાના કંઇ દાવ ખેલાઇ રહ્યા હોય તો તે મુરાદ બર આવે એમ મને જણાતું નથી.

પહેલાં સ્વ. આચાર્ય કમલસૂરિએ પોતાના સમુદાયનું એક સંમેલન વડોદરા મુકામે ભર્યું હતું હેનો કેવો ફેજ થયો છે તે આજે આપણે બધા જાણીએ છીએ. આ સંમેલનનો પણ તેવો કરૂણ ફેજ ન આવે તે માટે લાગતા વળગતાઓએ તકેદારી રાખવી જોઇશે.

આ સંમેલનમાં સાધુઓ અંગેના ક્યા વિષયો (?) ચર્ચાવા જોઇએ હેની મ્હેં એક નોંધ કરી રાખી છે. જે આ પ્રમાણે છેઃ—

૧. અત્યારે આપણા સાધુ જગતમાં શિષ્ય મંડળની સંખ્યાથી મોટાઇના માપ મપાતાં હોવાથી યોગ્યાયોગ્યનો પ્રશ્નજ ઉભો થવા દેવો નહિ અને જે આવે તેને મુંડવાની પ્રવૃત્તિ ચાલુ કરવા માટે વિચારણા કરવી.

૨. સાધુઓના અહંભાવને પોષવા જે પદવી અને ટાઇટલોની હારમાળા ગોઠવાઇ છે, તે ઓછી છે. એટલે તે શબ્દો શોધવા માટે કોઇ નવીન અલંકાર શાસ્ત્રની શોધ કરવી.

૩. વંદન વ્યવહારને અંગે એક બીજા મુનિવરો મળી શકતા ન હોવાથી ખૂબ મુશ્કીલતો ઉભી થાય છે. એટલે આ વંદન વ્યવહારની પ્રથાને નાબૂદ કરવી

૪. મુનિઓ એક સાથે આહાર વિહાર કે બીજું કોઇપણ કામ અલગ સંપ્રદાયો સાથે કરી શકતા નથી. તો આ આફત ટાળવા માટે કોઇ કીમીયાગારની શોધ કરવી.

૫. હમણાં જુવાનીઆઓ જે મુનિઓને ચારિત્ર ભ્રષ્ટ તરીકે જાહેર કરે છે, તે બેહુદું છે, એટલે મુનિઓની સ્વચ્છંદ પ્રવૃત્તિઓને પોષવા કોઇ ઢાલ આડી ધરવી. અને આડું કેમ ગબડે જાય તે માટેની વિચારણા કરવી.

૬. ગાળાગાળી, આપખુદી અને તોફાની વર્તન ક્યાં સુધી ઉચિત મનાય ? હેની મર્યાદા નક્કી કરવી.

૭. આપણી જાહોજલાલી અને કારકિર્દીને ઉની આંચ ન આવે તે માટે લોકમત પ્રચારવા છાપાં કાઢવાં કે નહિ ? તે માટે નિશ્ચય કરવો.

૮. જ્ઞાન કે ઉપગરણના બ્હાના નીચે પોતાની અંગત માલીકીની કેટલી હદ સુધીની મિલ્કત વધારવી કે જે પરિગ્રહ ન ગણી શકાય ? (રૂપીઆની કિંમતમાં સંખ્યા નક્કી કરવી.)

૯. જિન મંદિરોને બદલે ગુરૂ મંદિરો કરવાં કે નહિ ? અને ગુરૂ મંદિરોમાં પોતાની મૂર્તિઓ શા માટે નહિ બેસાડવી ? હેનાં કારણો રજુ કરવાં.

૧૦. જિન મંદિરોમાં ઘણીએ મૂર્તિઓ અપૂજ્ય રહે છે છતાં નવાં મંદિરો અને નવી મૂર્તિઓ પોતાના નામને ખાતર શા માટે ન કરાવવી ? તે માટે વિચારણા કરવી.

૧૧. ઉછામણીની બોલીથી ઉત્પન્ન થતા દ્રવ્યનો સાતે ક્ષેત્રોમાં જે વ્યય થાય છે. તે ફક્ત આપણા માટેજ અનામત કાં ન રહે ? તે માટે વિચાર કરવો

૧૨. આજકાલ ઉચ્છૃંખલ શિષ્યોને ઠેકાણે લાવવા ગુરૂઓને સખ્ખર પરવાનો કાં ન અપાવવો ? ગુરૂ ગમે તેવો અત્યાચાર કરે છતાં શિષ્યથી કશું બોલાયજ નહિ તેમ નિશ્ચય કરવો.

૧૩. શિષ્યો વધારવા માટે ભગાડવા, સંતાડવા વગેરેની પ્રથા જાણીતી છે. આ પ્રથા ચાલુજ રાખવી અને ગૃહસ્થો કદાચ ખટપટ ઉભી કરે તો તેને કઇ રીતે સમજાવવા એ પહેલેથી વિચારી લેવું દાખલા તરીકે એવો જવાબ આપી શકાય કે અમે કંઇ જાણતા નથી, અમે નિર્દોષ છીએ, તેવો દંભ સેવવા માટે પહેલેથી વિચારી લેવું કે જેથી ખળભળાટ શાંત થાય.

૧૪ સંઘસત્તા મુનિઓની સ્વચ્છંદ પ્રવૃત્તિમાં આડે આવતી હોવાથી હેનો નાશ કરવો અને પોતાના ભક્ત મંડળનો એક નવો સંઘ બનાવવો અને તે વર્તુલમાં જે દાખલ ન થયેલ હોય તે માટે શું નક્કી કરવું હેની વિચારણા આવશ્યક છે.

૧૫. ગૃહસ્થોએ શાસ્ત્રો વાંચવાથી મુનિઓની આચાર વિચાર વગેરેની પોલ ખુલ્લી પડી જાય છે એટલે એ શાસ્ત્રો વાંચવાની મનાઇ કરવી.

૧૬ કોઇ પણ શાસ્ત્રોના તરજુમા ન કરાવવા કે જેથી સામાન્ય જનતા શાસ્ત્રો જાણતી થઇ જાય.

૧૭. ગચ્છભેદ દિન પ્રતિદિન વધારવા, કારણ કે તેથી હેમના કર્તવ્યોનો ઢાંક પીછોડો થશે.

૧૮. આમ વર્ગને કેમ ચૂસાય ? તે માટેના નવા નવા માર્ગો વિચારવા, જો કે ઉપધાન, ઉજમણાં વગેરે તો રાજમાર્ગો છેજ પણ તે સિવાય બીજા માર્ગો નક્કી કરવા.

૧૯. માનતા, બાધા, આખડી વગેરે વ્હેમો જે ધર્મને નામે થયેલ છે તે નાબૂદ કરવાં કે તેના પરથી થતી આવક જાવકનો વેપારી હિસાબ ગણી તેને અનુમોદન આપતા રહેવું.

૨૦. તીર્થ રક્ષા માટે આપણે કશી જવાબદારી લેવી નહિં

૨૧. શ્રાવકો સુખી હશે તો આપણને અને પ્રભુને ગણકારશે નહિ. માટે શ્રાવકો કેમ દુઃખી થાય તે માટે વિચારણા કરવી.

૨૨. આધુનિક કેળવણીથી અંધશ્રદ્ધા ઓછી થાય છે, વેશ અને જડક્રિયાઓને બદલે ગુણપૂજા દાખલ થાય છે અને સાધુતા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના માપથી અંકાવવા લાગે છે. આ પરિસ્થિતિ ટાળવા માટે આધુનિક કેળવણીનો વિરોધ કરવો.

૨૩. સાધ્વીઓને આપણી સાથે રાખવાથી અનેક આફતો ઓછી થશે. દાખલા તરીકે કાંપ કાઢવો, વગેરે બાબતો માટે ઘણી સરળતા થશે એટલે દરેક સંપ્રદાયોના સાધુ અને સાધ્વીને સાથે વિહરવા અંગેની વિચારણા કરવી.

—આચાર્ય નથ્થુભાઇ સૂરિ.

# ધર્મનું શુદ્ધિકરણ

—લેખક લાલચંદ જયચંદ વોરા.

[ 'વ્હોરા' એક સારા વિચારક અને લેખક છે. તેમણે અનેક વખતે પ્રબુદ્ધ અને જૈન પત્રોમાં લેખો લખી જનતામાં સ્થાન મેળવ્યું છે. ધર્મનાં શુદ્ધિકરણમાં એ ખૂબ ઉંડા ઉતર્યા છે, અમે વાંચકોને આ લેખ વિચારપૂર્વક વાંચવાની ભલામણ કરીએ છીએ. 'તંત્રી' ]

(૨)

પ્રથમ લેખમાં જણાવ્યા મુજબ ધર્મ સદ્‌વર્તન માગે છે. ધર્મ સદ્‌વિચાર માગે છે. બાહ્ય નિશાનીઓ હોઈ શકે પણ તે અતિ ગૌણ છે; અને તે બાહ્ય સ્વરૂપો દેશ–કાળ અનુસાર બદલે પણ છે.

ધર્મ સંસ્થાઓ કે સાધુ સંસ્થાઓ, અનાથ અને અજ્ઞાનની સેવા સુશ્રુષા અર્થે હોય છે અને એ સંસ્થાઓની હસ્તી સેવા અને શુદ્ધિ અર્થે હોવી જોઈએ. સાદુ અપરિગ્રહી જીવન, કૌટુંબિક ભાવના, સત્યની ઉપાસના, અહિંસામય આચાર, બ્રહ્મચર્ય, નમ્રતા, શ્રદ્ધા અને એવા ધર્મ અને નીતિના ભવ્ય હેતુઓથી સંસ્થા બંધાય છે.

પણ અત્યારે આપણે જોઈએ છીએ કે ધર્મના ઠેકેદારો અથવા ધર્મની પછેડી ઓઢી અહિંતહિં વિચરનારાઓ ધર્મ અને નીતિના ભાગલા પાડી રહ્યા છે. અત્યારના સાધુઓ ધર્મના નશાની પ્યાલી હાથમાં લઈ સત્તા ચલાવી રહ્યા છે અને એથી ધર્મ હારી બેઠેલા જણાય છે અને એની નિશાનીરૂપે સમાજનો નવયુવાન વર્ગ બધા ધર્માચાર્યો પ્રતિ શંકાની નજરે નિહાળી રહ્યો છે

સોનું એ શુદ્ધ સોનું જ છે, પણ ફરી ફરીને શુદ્ધ થવા માટે અને સમય પરત્વે તેને ભઠ્ઠીમાં શેકાવું પડે છે. તેમ અત્યારે ધર્મનું બાહ્ય સ્વરૂપ કાયા પલટો માગે છે. ધર્મના શોધક અને ઉપાસકને નાસ્તિકતા અને એવી કેટલીએ ઝાળમાંથી પસાર થવાનો સમય આવી ચુક્યો છે.

ધર્મસ્વરૂપનો કાયા–પલટો કઇ રીતે થાય ? સાધુ સંમેલનથી થશે ? શ્રાવક સંમેલનથી થશે ? કે બન્નેના સાથ સંમેલનથી થશે ? સાધુ કહેવાતા વર્ગની નિંદા કે ટીકા કરવાથી થશે ? છાપાઓ દ્વારા જબ્બર પ્રચાર કાર્યથી થશે ? કે કોઇ રાજ્યના કાયદાથી થશે ?

મને લાગે છે કે આપણે ગમે તેટલા આકળા થઇએ ! આમાનો કોઇ માર્ગ એ ધર્મ–સ્વરૂપનો સાચો પ્રાણ નથી.

ધર્મનું શુદ્ધિકરણ, વ્યક્તિ વિકાસ અને મરીને જીવવાની જીજ્ઞાસામાં છે. ધર્મનું શુદ્ધિકરણ યુવકગણના તપ, ત્યાગ અને પુરૂષાર્થમાં છે, ધર્મનું શુદ્ધિકરણ પોતે પોતાના શુદ્ધ થવામાં છે. અને વ્યવહારથી જોઇએ તો ?

તો પણ આપણને અત્યારના સાધુ કે ધર્માચાર્યો સાચુ ભાન કરાવી રહ્યા છે. તેઓ અંદર અંદર લડે એ સમાજને શું શીખવે છે? તેઓ ગુણતત્ત્વોને નિરખ્યા વિના સંખ્યાબળ વધારવાનો ક્ષુદ્ર પ્રયત્ન કરે તે શું સૂચવે છે ? તેઓ હરિજનોને કે બીહાર ઓરિસ્સા જેવા ભયંકર ભૂકંપના સંકટગ્રસ્ત લોકોને સહાયક ન બની શકે એ સમાજને કેવો પાઠ આપી શકે ?

સેવાના આ યુગમાં, સાધુ સમુદાયે શાસ્ત્રાર્થ કે દલીલ કરવાનો સમય છે કે સેવાના માર્ગમાં સમાધિ લેવાનો અમૂલ્ય અવસર છે ?

સાચા સાધુએ કે સાધ્વીએ અત્યારે વિદેશી કે હિંસાથી ખરડાએલા પુંઠીઆ નીચે કે આરસની તખ્તીઉપર અતિ કિંમતિ આસન ઉપર બીરાજી 'પ્રમાણ–પ્રમાણ મુનિરાજ'ના પોકારો સાંભળી કે લાંબી ચોડી પદવીઓની ઉપાધીઓથી રાચવાનું નથી, તેમ સાચા જીજ્ઞાસુ શ્રાવકે કે શ્રાવિકાએ સાધુ સંમેલન મેળવવા માટે આકાશ પાતાળ એક કરવાનું નથી. અત્યારે તો સમાજની સર્વ દિશાઓ બદલવાની અનિવાર્ય અગત્યતા છે આવે સમયે આપણી વ્યક્તિગત કે સામુદાયિક, આર્થિક કે સામાજીક શક્તિ વેડફાય એ પોસાય તેમ નથી.

એટલે કે ધર્માચાર્યો ધર્મ કે શાસ્ત્રોને નામે જાણ્યે અજાણ્યે સમાજ ઉપર જે અત્યાચારો કરી રહ્યા છે તેનો સામનો કરવો જોઇએ. તેઓના હાથમાંથી સત્તાની પ્યાલી આપોઆપ સરી પડે તેવા પ્રયત્નો થવા જોઇએ.

જેમ રાજાઓની સભામાં તેના આપ્તજનો સ્વતંત્ર વિચારો દર્શાવી શકતા નથી તેમ અત્યારના આચાર્યોની આસપાસ બેઠેલા સાધુઓ સમજવા છતાં પોતાના વિચારો દર્શાવી શકતા નથી રામવિજયો કે સાગરાનંદો, સૂરીશ્વરો કે મુનિવરોની આસપાસ બેઠેલા યુવાન સાધુઓની મેં દા જેવી સ્થિતિ મેં નિહાળી છે

હજુ થોડાજ દિવસો પહેલા શ્રી વિજયનેમિસૂરિના પ્રધાન શિષ્ય તેમના કેટલાક શિષ્યો સહિત બીરાજેલા. સાધુ સંમેલનમાં પહોંચવા અર્થે તેઓ ત્વરાથી કુચ કરી રહ્યા હતા. ધર્મના શુદ્ધિકરણ અર્થે મારે લાંબી અને મીઠી ચર્ચા થયેલી. આવી વેળા જેમ પિતાપુત્ર પોતાના વિચારો છુટથી ચર્ચી શકે તેટલોએ અવકાશ તેમના શિષ્યોને મળતો નથી.

હાલના સાધુઓમાં આમ અમલદારીનો કેફ અને અહંભાવ વિષે ઘણું લખી શકાય પણ એવી વ્યક્તિગત કોઇ ચર્ચામાં ઉતરવું એ અયોગ્ય જણાવાથી નામ પણ આલેખતો નથી.

પણ એટલું તાત્પર્ય નિકળે છે કે જેમ દવાનું નામ લેવાથી કે તેના ગુણ ગાવાથી આરોગ્ય પ્રાપ્ત થતું નથી, પણ તેનું સેવન કરવાથી, પથ્યાપથ્યના નિયમો જાળવવાથીજ નિરોગી થવાય છે, તેમ ખાંડાની ધાર જેવો ગણાતો ધર્મ કે ધર્માચાર માત્ર સ્ત્રી પુત્રાદિનો, માલ મિલકતનો ત્યાગ કરવાથી નથી સચવાતો, સાથો સાથ લોકૈષણાનો મોહ છોડવો જોઇએ. કુટુંબના કે પૈસાના બાહ્ય ત્યાગથી ઘણીવેળા સમાજ ઉપર વધુ અત્યાચાર થાય છે, કારણ કે અંદરની વાંચ્છના જ્યાં સુધી જ્ઞાનપૂર્વક મરી નથી, ત્યાં સુધી પોતાના સુખ સગવડો શોધવા પાછળ, શિષ્યો અને સાધનો વધારવાની વૃત્તિ રહે છે વળી આવા ધર્માચાર્યોની આંતરિક નબળાઇ અનેક રીતે જામતી જાય છે. કંચન અને કામના ત્યાગી હોવાના કારણે તેઓ પોતાને ઉચ્ચ માનતા થાય છે અને સંસારી જનોને કીચડમાં પડેલા માને છે. તેઓ શાસ્ત્રોને અને વેશને આગળ ધરી, સમાજ પાસે પોતાની પ્રતિષ્ઠા અને આગેવાની સાચવી રાખવાના પ્રયત્નો નિત્ય કરે છે.

અત્યારે કંઇક આવી સ્થિતિ હોવાથી ધર્મનું શુદ્ધિકરણ આવશ્યક છે, અનિવાર્ય છે અને સ્વાભાવિક છે. એ શુદ્ધિકરણના કિરણો ખુણે ખાંચરે પણ પ્રસરી રહ્યાં છે

યુવાનો અને યુવતીઓજ આ કાર્યને મદદ આપી શકશે, યુવાનો અને યુવતીઓજ દંભના દેખાવોને ફગાવી શકશે, યુવાનો અને યુવતીઓજ વિચાર, વાણી અને વર્તનનો સમન્વય કરી શકશે અને એમ કરી નવું સંસ્કરણ નિપજાવી શકશે.

# શ્રી જૈન યુવક મહામંડળ.

## આમંત્રણ.

શ્રીમાન્, મુંબઇ તા. ૮-૨-૩૪.

સવિનય વિજ્ઞપ્તિ કે હાલમાં આપણી સમાજમાં અમદાવાદ મુકામે સાધુ સંમેલન ભરવાની તૈયારીઓ ચાલી રહી છે, તેની આમંત્રણ પત્રિકા બહાર પડી ચુકી છે. તેની શબ્દ રચના, તેના સુત્રધારોનું મૌન અને વીરશાસનની તે અંગેની રમત જોતાં આપણાથી મૌન બેશી રહેવાય નહિ. આથી આપણા મહામંડળની તા. ૬-૧-૩૪ ના રોજ મળેલ કાર્યવાહક કમીટીએ ફાગણ શુદ ૫ ને રવિવારના રોજ જનરલ મીટીંગ બોલાવવાનો નિર્ણય કરેલ હોવાથી મહામંડળમાં જોડાયેલ સંસ્થાઓના પ્રતિનિધિઓની એક સભા (જનરલ સભા) મુંબઇ મુકામે ફાગણ સુદી ૫ ને રવીવાર તા. ૧૮-૨-૩૪ ના રોજ ભરાશે તેમાં પધારવાનું આમંત્રણ કરતાં અમને હર્ષ થાય છે.

**ઠરાવના મુખ્ય મુદ્દાઓ.**

૧. સાધુ સંમેલન બીન બંધારણી અને વગર પ્રોગ્રામે એકઠું થતું હોવાથી તે ઉપર વિચાર કરવા.

૨. સાધુ સંમેલન અંગે તેના આગેવાનો જે પદ્ધતિથી કામકાજ કરે છે તે સંબંધમાં વિચાર કરવા.

૩. અમદાવાદના નગરશેઠ સમસ્ત હિન્દુસ્તાનના સંઘોના સંઘપતિ છે, એવું વીરશાસન કહે છે તે અંગે વિચાર કરવા.

૪. આ સંમેલન અંગે શ્રાવક સમુદાયને બીન બંધારણથી નોતરી સમગ્ર શ્રાવક સમુદાયના નામે કંઇપણ ઠરાવ કરે તો તે અંગે વિચાર કરવા.

૫. આ બાબત અંગે યુવક પરિષદ ભરવી કે કેમ તે માટે વિચાર કરવા.

આ કટોકટીના પ્રસંગે આપની સલાહ અને હાજરીની ખાસ જરૂર છે, તો આપ આપની સંસ્થા તરફથી વધુમાં વધુ બે પ્રતિનિધિઓ મોકલી આભારી કરશો.

ઠેકાણું:—
૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

લી. સેવકો,
**જમનાદાસ અમરચંદ ગાંધી.**
**મણીલાલ એમ. શાહ.**
મંત્રીઓ, મહામંડળ.

તા. ક.—આપ તરફથી આવનાર પ્રતિનિધિઓના નામ ઠેકાણા સહીત ફાગણ શુદ ૩ સુધીમાં ઉપરના ઠેકાણે મોકલી આપશો.

---

### આ શુદ્ધિકરણનું કાર્ય કયું?

અત્યારના ધર્માચાર્યો કહે છે ચાલતી આવેલી પ્રણાલિકા કે જે માત્ર અત્યારે દ્રવ્ય પૂજા સ્વરૂપેજ રહી છે તેને વળગી રહો, કોઇક દહાડે ભાવ પ્રગટશે, આડંબરો ચાલવા દો, શાસન દીપશે, પ્રણાલિકા મુજબ સાધુ-સેવા કરો, મોક્ષ સધાશે.

અમારો અંતરાત્મા એ બધું કરવાની ના પાડે છે. માત્ર અંતરાત્મા ના પાડે છે એટલુંજ નહિં પણ અમને હવે એ બધું પોસાઇ શકે તેમ નથી. દ્રવ્ય પૂજાના બાહ્ય સાધનો વિના, આડંબરના દંભ વિના અમને બધું કરવા દો ધર્માચાર્યો, તેમના શાસ્ત્રો, અને વાગ્બાણો વિના યુવાનોએ પોતે પોતાનાજ ગુરૂ બનીને પોતાનો રાહ નક્કી કરવાનો સમય આવી લાગ્યો છે.

તમો કહેશો આતો ચોખ્ખો શાસનની પ્રણાલિકાનો ભંગ થયો, અમને કહેવા દો કે પ્રણાલીકાનો સવિનય અનાદર એ યુગધર્મ બની પ્રાપ્ત થયો છે. નિત્ય નુતન જીવન જીવતું રાખવા માટે પુરૂષાર્થ જોઇએ અને પુરૂષાર્થ, હમેશાં સત્યના સિધ્ધાંતોને લક્ષ રાખીને નિત્ય નવું સર્જન કર્યેજ જાય છે. એ સર્જન કાર્યમાં મનુષ્યત્વનો વિકાસ છે, ધર્મનું શુદ્ધિકરણ છે.

અત્યારના ધર્માચાર્યોને પોતાના અંતરાત્માથી ઉલટું ચાલવું પડે છે, તેઓ સમજી જાય છે કે ગરીબોને ભોગે તાલેવંત મઝા કરે છે, સ્ત્રી-સ્વાતંત્ર્યના ભોગે પુરૂષો ઘણી પત્નિ ભોગવી શકે છે, પ્રજાશક્તિને કચરીને રાજાઓ મહાલી શકે છે અને અજ્ઞાન સમુદાયને આંધળા રાખીને સાધુઓ ગુરૂપદ પામી જાય છે. એટલેજ ધર્મ આજે વગોવાય છે, અને છતાં ધર્માચાર્યોમાં આંતરિક નબળાઇ ખરીરીતે ભરી હોવાથી પોતાનો કે સમાજનો, સામાજીક કે આર્થિક ઉદ્ધાર કરી શકતા નથી, બતાવી શકતા નથી.

દેશ કે સમાજને અર્થે એક સૈનિક જેલમાં જાય અને તે ત્યાં અન્ય કોમોને સ્પર્શ કરે કે રોટી વહેવાર કરે તેમાં ધર્મ હારી ગયાનું કે તે સૈનિકનું અધઃપતન થયું એમ, આજનો અર્થાત જુનો સાધુ સમાજ કહી શકે! ખાદીનું વસ્ત્ર કે મીલનું વસ્ત્ર હર કોઇ પ્રત્યે તેમને રાગદ્વેષ શામાટે હોય? એવી નબળી વાતો એ કરી શકે?

એટલે કોઇપણ પુરૂષ સાચી સાધના ઇચ્છે કે જ્યાંએ તેણે ખાવા અને લાજના નિયમો નવેસરથી નક્કી કરે તો બીજા દરેક ઉપકરણોમાં અહિંસા અને સત્યની દૃષ્ટિએ નક્કી કરવા જોઇએ આ શુદ્ધિકરણની એક નિશાની છે.

અને માનવસમાજની સેવા અને મુક્તિ કાજે કોઇએ માણસને તેના જન્મના કારણે નીચ કેમ કહી શકાય? કોઇ માણસ પોતાને નીચ કહેવડાવતો હોય, તેને તેની નીચતામાંથી ઉચ્ચતામાં લઇ જવાના હરેક પ્રયત્નો કરવામાંજ ધર્મનું શુદ્ધિકરણ શક્ય છે.

---

### સં. ૧૯૯૦ ની શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમીટીના ચુંટાએલા સભ્યોના નામ.

૧ મણીલાલ એમ. શાહ
૨ પરમાનંદ કુંવરજી કાપડીઆ
૩ ચન્દ્રકાન્ત વી. સુતરીઆ
૪ સ્વરૂપચંદ એન. શાહ
૫ લાલજી કેશવજી શીનાઇ
૬ ચીમનલાલ શીરચંદ શાહ
૭ પુનમચંદ મોતીચંદ શાહ
૮ મોહનલાલ પાનાચંદ શાહ
૯ વલ્લભદાસ ફુલચંદ મહેતા
૧૦ અમીચંદ પેમચંદ શાહ
૧૧ રતીલાલ સી. કોઠારી
૧૨ કેશવલાલ મંગળદાસ શાહ
૧૩ ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ
૧૪ મોહનલાલ દીપચંદ ચોકસી
૧૫ વીરચંદ મેલાપચંદ શાહ
૧૬ તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી
૧૭ માણેકલાલ એ. ભટેવરા
૧૮ ગોકળદાસ મગનलाल શાહ
૧૯ મનસુખલાલ હીરાલાલ લાલન
૨૦ વીરજી પાલણજી નાગડા

# —: નૂતન સમાચારો :—

**દેહગામ:**—અત્રે અમદાવાદ જતાં કેટલાક મુનિવરો અને સૂરીશ્વરોનું એક નાનું સાધુ સમ્મેલન ભરાવાના સમાચારો જાહાર આવ્યા છે, હેમાં આચાર્યશ્રી નીતિસૂરિ, હર્ષસૂરિ, વલ્લભસૂરિ, કૃપાચંદ્રસૂરિ, માણિક્યસિંહસૂરિ, ઋદ્ધિસાગરસૂરિ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, શ્રી હંસવિજયજી ઉપાધ્યાયજી શ્રી દેવવિજયજી, મુનિશ્રી જયચંદ્રજી, ગણાધીશ હરિસાગરજી, ઉપાધ્યાયશ્રી સુમતિસાગરજી, મુનિશ્રી વિદ્યાવિજયજી વગેરે સોએક મુનિવરો ભાગ લેશે. આ સમ્મેલન લગભગ ફાગણ શુદિ અગ્યારસ લગભગ ભરાવા વકી છે. અમદાવાદના બૃહત્ સંમેલનમાં કયા કયા વિષયો ચર્ચવા યોગ્ય છે હેનો આ સૂપ વિચાર કરશે.

**અમદાવાદ:**—મુનિ સમ્મેલન માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે, છતાં અનેક જાતના તર્કવિતર્કો થઇ રહ્યા છે. એક બાજુથી શ્રી દાનસૂરિ, શ્રી પ્રેમવિજયજી અને રામવિજયજીને આચાર્ય પદવી આપવાની ખટપટ કરી રહ્યા છે ત્યારે બીજી બાજુ સાગરજીના રીસામણા શરૂ થયાં છે. આચાર્ય નેમિસૂરિએ હજુ ધોલેરા છોડયું નથી. કોઇમાં અમુક આચાર્યો ભેગા મળવાની વાત પડતી મેલાયાનું સંભળાયું છે. સમ્મેલન અંગે નગરશેઠ ખૂબ જહેમત ઉઠાવી રહ્યા છે. હેમની જોડે સોસાયટી સંઘ પણ ખૂબ ખટપટ કરી રહેલ છે. જોઇએ પડખું કઇ બાજુ નમે છે ?

**વડોદરા:**—અત્રેના જૈન યુવક સંઘની એક જનરલ સભા રા. લાલચંદ ભગવાનદાસના પ્રમુખપણા નીચે તા. ૧૧-૨-૩૪ ના રોજ મળી હતી હેમાં સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો થયા હતા.

૧. અમદાવાદના નગરશેઠ 'સમગ્ર હિંદના સંઘપતિ' છે એવું વીરશાસનના તા. ૨-૨-૩૪ અંક ૧૮ માં પ્રસિદ્ધ થયેલું છે તે ખોટું છે એવું અમે માનીએ છીએ.

૨. નેક નામદાર શ્રી મહારાજાધિરાજ મહારાણાશ્રી ભવાનીસિંહજી સાહેબ બહાદુર સંસ્થાન દાંતા.

વિ. આપ નામદારે માઉન્ટ આબુની યાત્રાએ આવતા જૈનો પાસેથી મૂંડકાવેરા ઉપરાંતનો કર લેવાનું માફ કર્યાનો હુકમ કર્યો છે, તેને માટે આપ મહારાણાજીનો શ્રી વડોદરા જૈન યુવક સંઘ આભાર માને છે.—ઉત્તમચંદ નગીનચંદ ઝવેરી, ઓનરરી સેક્રેટરી શ્રી વડોદરા જૈન યુવક સંઘ.

**સુરત:**—શ્રી વિજયેન્દ્રસૂરિએ સમ્મેલનના આમંત્રણનો અસ્વીકાર કર્યો છે, હેમણે બીહાર અને ઓરિસા માટે ઉપદેશ કરતાં સારી જેવી રકમ એકઠી થઇ હતી. ગોપીપુરામાં શ્રી ચંદ્રપ્રભુના મંદિરમાં અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ છે. શ્રી આનંદસાગરસૂરિએ અમદાવાદ તરફ વિહાર કર્યો છે,

**બામણવાડા:**—અત્રેથી શ્રી શાન્ત્યાચાર્યજી મહારાજ કેસરીયાજી તરફ વિહાર કરી ગયા છે. તેઓશ્રી કેસરીયાજી તીર્થ સંબંધી સંતોષકારક નિવેડો નહિ આવે તો અણસણ કરશે એમ સંભળાય છે, સૂરિજી સાથે મારવાડના કેટલાક સંભવિત ગૃહસ્થો પણ છે, કે જેઓ મહારાજ શ્રી જોડેની મંત્રણામાં ભાગ લે છે, કેસરીયાજી નો મામલો રંગ ઉપર ચડશે એમ જણાય છે.

**ખંભાત:**—અત્રેની પાંચ ન્યાતોમાંહજુ સમાધાન થયું નથી અને કલેશ ઉભોજ છે. નગરશેઠ અત્રે આવ્યા ત્યારે એ વાત હેમના લક્ષ્ય ઉપર લાવવામાં આવી હતી. પરંતુ નગરશેઠ તો કેવળ સોસાયટી અને સંઘ વચ્ચેનો ઝગડો પતાવી વિદાય થયાં હતા. જોકે આ ઝગડો પણ સાચીરીતે પત્યો છે કે કેમ એ એક પ્રશ્ન છે.

**પાલીતાણા:**—મુનિસમ્મેલન અંગે સાધુઓ અમદાવાદ તરફ જતા હોઇ અત્રેના ઉપાશ્રયો અને ધર્મશાળા ખાલી થઇ રહી છે, સાધ્વીઓના ટોળેટોળાં અમદાવાદ તરફ જઇ રહ્યાં છે. એટલે અંશે પાલીતાણા હળવું બન્યું છે.

**ભાવનગર:**—મુનિસમ્મેલનને અત્રેનો સંઘ શંકાની નજરે નિહાળી રહ્યો છે. અહિં વિધ વિધ જાતની લોક વાયકાઓ સંભળાય છે. કોઇ કહે છે કે સાધુઓ બધા ભેગા થઇ, ડાંડા ઉડાડશે. જો આમ બને તો જૈન સમાજની પ્રતિષ્ઠાને હાની પહોંચશે. વાતાવરણમાં કંઇ ઉલ્લાસ નથી. અત્રે એક ભાઇએ પોતાના નાના ભાઇની વહુનું ખૂન કર્યાનું કહેવાય છે, ૭ દિવસ સુધી આ બાબત ગામમાં ચર્ચાયા પછી અમુક યુવકો આ બાબત માટે શ્રી પટ્ટણી સાહેબ પાસે ગયા હતા, અને યોગ્ય કરવાની વિનંતિ કરી હતી, શ્રી પટ્ટણી સાહેબે આ બાબત ઉપર ધ્યાન આપ્યું ત્યારેજ ઉપરોક્ત ભાઇની ધરપકડ કરી બેડીઓ નાંખી ભર બજાર વચ્ચેથી લઇ જવામાં આવ્યા હતા. પોલીસ ખાતાએ ૭ દિવસ સુધી આ બાબત માટે કેમ કશું ન કર્યું ? એ એક પ્રશ્ન થઇ પડ્યો છે. ઉપરોક્ત ભાઇ સોસાયટી પક્ષના આગેવાન મનાય છે.

**જામનગર:**—સંભળાયું છે કે અત્રેના શ્રીસંઘ અને સાગરજી વચ્ચેના ઝગડાનું નિરાકરણ ન થાય ત્યાંસુધી મુનિ સમ્મેલન માટે અહિં સારી આશા નથી. હેમજ સમ્મેલનની બાબતમાં જામનગરનો શ્રીસંઘ ઉદાસીન છે.

**પાટણ:**—અત્રે શ્રી વલ્લભસૂરિ પધાર્યા હતા. તેઓશ્રીએ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ અને શાંત મૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ જોડે સમ્મેલન બાબતમાં ખૂબ ગુપ્ત મંત્રણાઓ કરી હતી. અહિંથી તેઓશ્રીએ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ જોડે અમદાવાદ તરફ વિહાર કર્યો છે. શ્રીસંઘે સમ્મેલનમાં હેમને ભાગ લેવાની સંમતિ એ શરતે આપી છે કે પાટણના શ્રીસંઘની પ્રતિષ્ઠાને કોઇપણ જાતની હાની ન પહોંચે.

**ઘાટકોપર:**—પંન્યાસ શ્રી ભક્તિવિજયજી મહારાજે કોઇ બે ભાઇઓને દીક્ષા આપી પરિવારમાં વૃદ્ધિ કરી છે. અહિંથી તેઓ શ્રી અમદાવાદ મુનિસમ્મેલનમાં ભાગ લેવા માટે વિહાર કરી ગયા છે. સંભળાય છે કે તેઓશ્રીને પણ રાજનગરની રંગભૂમિમાં આચાર્ય પદ્વી લેવાનો પાઠ ભજવવો પડશે. સારી વાત છે.

**પાલણપુર:**—અત્રેના એક ગૃહસ્થે એક બૈરી હોવા છતાં ફરીવાર લગ્ન કર્યાં છે, દુઃખની વાત તો એ છે કે એ બહુ સુધારક હોવાનો દાવો કરે છે. પાલનપુરના શ્રીસંઘે આ બાબત કેમ ચલાવી લીધી, એ સહમજાતું નથી. કોઇ ભાઇ પુનર્લગ્ન કરવા તૈયાર થાય, તો જે સંઘ આકાશ પાતાળ એક કરી મૂકે છે. તેજ સંઘ જ્યારે એક બૈરી ઉપર બીજી બૈરી કોઇ લાવે છે ત્યારે મૌન રહે છે. આ બાબતથી નથી જણાતું કે આધુનિક સંઘધારકો લક્ષ્મીનંદનો માટેજ છે. હેમને દરેક પ્રકારની સગવડો પૂરી પાડે છે અને ગરીબ લક્ષ્મીવાનોના દરેક હકોનું ભક્ષણ કરે છે આ વીસમી સદી જેવા વિજ્ઞાન યુગમાં પણ આવા કિસ્સાઓ બને એ અનિચ્છનીય છે. પાલણપુરના યુવકો આ સંબંધી કંઇ ઉહાપોહ કરશે કે ?

**સ્થાનિક:**—અત્રે જૈન યુવકસંઘની મેનેજીંગ કમીટીએ અમદાવાદના નગરશેઠ સમગ્ર હિંદના સંઘપતિ નથી, એવી જાતનો ઠરાવ કર્યો છે. યુવક મહામંડળની જનરલ સભા પણ અત્રે ભરાવાની વકી છે.

## યુગના...પ્રધાન...નાદો—

(૨)

### ચડેલાં આંધળા પડળો:—

સમાજના સૂત્રધાર તરીકે ધર્માધ્યક્ષ વંશપરંપરાથી મનાતો આવે છે. સમાજના તારણહાર તરીકે ધર્માચાર્યની પૂજા થાય છે. સમાજના કલ્યાણદાતા તરીકે ધર્મસમ્રાટને વંદનાઓ થાય છે. સમાજના જીવનપાલક તરીકે ધર્મસ્તંભના વચનોને શિરે ચડાવવામાં આવે છે ને એને ધર્મ ભાવનાઓની જ્વલંત મૂર્તિ તરીકે સ્વીકારી પ્રભુની જેમ પૂજવામાં આવે છે. ધર્મના સાચા રખેવાળ તરીકે સ્વીકારી એની આજ્ઞાઓને શિરસાવંદ્ય કરવામાં આવે છે. આ ધર્માધ્યક્ષ, આ ધર્માચાર્ય, આ ધર્મસમ્રાટ કે આ ધર્મસ્તંભ સમાજઆત્માને કઈરીતે પ્રેરણાના પિયુષ પાય છે. કઈરીતે સમાજ જીવનને અજવાળે છે એ એની ભિતરોજ સમાજ દર્શનું આબેહુબ પ્રતિબિંબ પાડે છે, એ ભિતરોમાંજ સમાજના અણુએ અણુએ એનાં જૂપાએલાં પાપો ભભૂકી ઉઠતાં લાગે છે. ને ત્યાંજ સમાજની કબ્રેકબ્ર, સમાજ છાતીપર ચડી બેઠેલા ધર્માધ્યક્ષથી દબાયેલી, પીસાયેલી, કંપતી લાગે છે. ને સાફ શબ્દોમાં એ પડઘો પાડે છે કે આ જાતના ધર્માધ્યક્ષની આજે અમને જરૂર નથી.

એનાં સાચાં પ્રતિબિંબ ધર્માધ્યક્ષને લાગુ પડેલા રોગો પાડે છે. કારણ એના જીવને સમાજ જીવન જીવાય છે, એના વિચારે સમાજ જીવન ઘડાય છે. એટલે એ રોગોમાંથીજ સમાજનો હણાતો આત્મા જણાશે. સમાજના લૂટાતાં રસકસ ખુલ્લાં થશે, સમાજના ઝાંખા પડતા પ્રકાશ અને તેજ પ્રગટ થશે. ને એમાંથીજ સમાજ જીવનના સાચાં રહસ્યો સમજાશે. એટલે કે એ પૃથક્કરણ હણાતા સમાજ જીવનનું સાચું દર્શન દેશે. સમાજની આંખે કયાં સુધીનાં આંધળા પડળો ચડ્યાં છે એનાં પ્રતિબિંબ પાડશે. ને એની ઉપર રાખવામાં આવતી આશાઓ, ઘડાતા મનોરથો કેટલા આકાશ કુસુમવત છે, કેટલા મૃગજળ સમાન છે એ પણ દીવાની જ્યોત જેમ ઝળકી ઉઠશે.

### લાગુ પડેલા રોગો:—

આજના ધર્માધ્યક્ષને લાગુ પડેલા રોગોમાં સાત નજરે આવે છે. રોગગ્રસ્ત માનવીની જેમ સારું નરસું પારખવાની એની શક્તિઓ બુઠ્ઠી બને છે; એ એની કર્તવ્ય દિશાઓ ભૂલે છે, ને જન સમાજને શાપ રૂપ બને છે. એટલે કે એ રોગોનાં અસ્તિત્વ હશે ત્યાંસુધી સમાજના બાળકોનો કિલકિલાટ, ઉલ્લાસ અને સ્ફુર્તિ મરીજવાનાં. સમાજ આત્મ નિર્જીવો અને પ્રકાશ વિહોણો નજરેજ ચડવાનો, ને સમાજ જીવન દિનદિન બળીને ખાખ થઈજ જવાનું.

### જુનવાણી સ્વરૂપોની પૂજાનો રોગ:—

જુનવાણી સ્વરૂપોની પૂજા એ એનો પ્રથમ રોગ છે. જીર્ણ વસ્ત્રોને ફેંકી બાળસ્વરૂપે ઉજળો રહેનારો એ અંતરમાં ઉતરેલાંઓને ફેંકતાં ધ્રૂજી ઉઠે છે. સૈકાઓજીર્ણ વિચારોને, પુરાણયુગનાં શાસ્ત્રોની સડેલી માન્યતાઓને, ને યુગનાં મૂલ્ય ન આંકતાં પ્રગતિબાધક કૃત્યોને ત્યજતાં એ કંપી ઉઠે છે. એટલે કે જુનું એટલે સોનું એ માને છે. જવાહીરના જેમ એની રક્ષા કરે છે. ને આમ ભૂતકાળની પૂજા પરજ એ જીવન રચે છે, ભૂત સ્મૃતિઓને ટેકે એનું જીવન નભે છે, ભૂતનાં સંસ્મરણોની એ સ્વર્ગીય કથાઓ તરીકે સેવાપૂજા કરે છે. ભૂતકાળની ભૂતાવળોને એ જીવનમાં પ્રાણ પૂરનારી—જીવનમાં ચેતનના ફુવારાઓ ઉડાડનારી સંજીવની માને છે. ને આ રીતે જનસમુહને એ સડેલી માન્યતાઓ, એ ગંધાતા વિચારો બાંધી રાખે છે, ખીલતાં જીવન પુષ્પોને એમાં બાળી દે છે.




એનું પરિણામ એ છે કે આ જાતનાં મંતવ્યો સેવનારો એ ધર્માધ્યક્ષ, આ જાતનાં કર્તવ્યમાં પ્રાણ પૂરનારો એ ધર્માચાર્ય આવતી કાલની પ્રજાઓના ઉગતા મનોરથનું ખૂન કરે છે, આવતી કાલના સમાજોની સુશક્તિઓને હણી નાખે છે. આવતી કાલની વિકસતી કળીઓમાં એ સડો મૂકે છે, ને તેજ વિહોણાં, શક્તિ વિહોણાં કરી મૂકે છે. ને એ ખૂનનો શાપ એને શિરે રહે છે.

### મુંડવાનો રોગ:—

મુંડવાનો રોગ અતિ ભયાનક છે. રખડું, લાલચુ કે ચારિત્ર વિહીન માનવીને પણ આ રોગ પોતાના પંજામાં ઝડપતાં કંપતો નથી. બાળપણમાં જેનાં જીવનો બાળપુષ્પોની જેમ વિકસતાં હોય, કૌમાર્યવયમાં જેનાં જીવનો ફુદકે અને ભૂસકે ઘડાતાં હોય, ને યૌવનમાં સંસારના રસકસ લૂંટાતા હોય—જીવનના આહ્લાદો અનુભવાતા હોય ત્યાં તો લાલચો આપી એ રોગગ્રસ્ત એના પ્રેમમાં પૂરી દે છે. એને દુનિયાના પ્રકાશમાંથી ઉપાડી લે છે. ને આમ એનું જગત સૌન્દર્યના આસ્વાદનનું ભાગ્ય લૂંટાઈ જાય છે.

એને લૂંટતાં, એના જીવનને જળાતાં એનું રુવાંડુંએ ફરકતું નથી. માત્ર એ તો આમ બેકારોની વૃદ્ધિ કરે છે, લાલચુઓને ઉત્તેજે છે, ને કૌવતહીન માનવીઓને પોષે છે આમ ધર્મને નામે એ એક પ્રકારનો વેરવાડોજ જમાવે છે કે જ્યાં જે આવે તે ખપે, જે આવે તેને મૂંડી દેવાય. આ રોગ સમાજની શક્તિઓને ચૂસી લે છે. સમાજને એ રોતીસૂરૂ બનાવે છે.

### આર્થિક શોષણ રોગ:—

સૈકાઓ જુના વિચારોને ટકાવવા, એના ફુંપદમાં ભિડાવેલી જાળોને સુરક્ષિત રાખવા સમાજના ભોગે, સમાજના બાળકોના ભોગે, સમાજના યુવાનોના ભોગે, સમાજની વિધવાઓના ભોગે ને સમાજનાં ભૂખમરાથી બળતાં માનવપ્રાણીઓના ભોગે આજનો એ ધર્માધ્યક્ષ પાણીની જેમ સમાજનું અઢળક દ્રવ્ય વહેતું કરાવે છે. મંદિરોને નામે, તીર્થોને નામે, ઓચ્છવ પ્રતિષ્ઠાઓને નામે, જમણવારોને નામે, ઉપધાન અને પૂજાઓને નામે, વરઘોડાઓ અને સામૈયાને નામે કે પદવી દાનોના સમારંભ ટાણાંઓને નામે સમાજનું લાખો અને કરોડોનું ધન એ લૂંટી લે છે......જે ધનમાંથી સમાજના લાખો અપંગ માનવીઓને રમ્ય સૃષ્ટિમાં કિલ્લોલ કરતાં કરી શકાય, જે ધનમાંથી કીડીની જેમ ઉભરાતી કંગાળ વિધવાઓના જીવનોમાં પ્રાણ પૂરી શકાય, ને જે ધનમાંથી આજની ઉગતી પ્રજાના ભવ્ય મનોરથો ઘડી આવતી કાલનાં સાચાં સર્જન સર્જાવી શકાય; તે ધન આજે લાલસાઓને પોષવા, સંકુચિત મનોદશાના આવરણોને ઢાંકવા વેડફાઈ રહ્યું છે. જે દિવસે આ રીતે ખર્ચાતા ધનનો આંકડો મૂકાશે, ત્યારે સમાજની માટીનું અણુએ અણુ કંપી ઉઠશે, સમાજની રગેરગ પ્રજ્વળી ઉઠશે, સમાજનું રુવાંડે રુવાંડું ધ્રુજી ઉઠશે. આ રોગનો નાશ થાય તો સમાજના એકપણ બાળકને, એકપણ માનવીને, એકપણ સ્ત્રીને કે એકપણ વિધવાને કંગાળ મનોદશાનાં હૃદયભેદક ચિત્રો ખડાં કરવાનો સમય નહિ આવે એમ નિર્વિવાદપણે કહી શકાય છે.

(ચાલુ)

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે નવું રેશમ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં ૨૪, મુંબઈ નં ૨, તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

દેહગામની સંજણા

Reg. No. B. 3228.



સમાજ ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂ. ૨-૮-૦

શ્રી જૈન યુથ લીગ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર
તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા

વર્ષ ૧ લું અંક ૫ મો
ગુરુવાર તા. ૧-૩-૩૪

## જ...લે...જ્વા...ળા...મુ...ખી.....ઉ...ર...નાં.....ઊં...ડા...ણ...માં

પૃથ્વી ઉપરનાં અનિષ્ટ તત્ત્વો જ્યારે વાતાવરણને મલીન બનાવી મૂકે છે, ત્યારે ધરતીને ચીરીને ધીકતો જ્વાળામુખી પ્રગટે છે. આ જ્વાળામુખી અકુદરતી તત્ત્વોનો નાશ કરવા માટે કુદરતી રીતેજ પ્રગટે છે, એટલે તેના વિસ્તારમાં કોઇનીયે તાકાત નથી કે જઇ શકે. એ ધીકતા જ્વાળામુખીની જ્વાળામાં સપડાયેલ કોઇ પણ તત્ત્વ બચી શકતું જ નથી, અને એ ભીષણ સંહાર લીલા આચરી પોતાનું કાર્ય પૂર્ણ કરી પાછો બુઝાઇ જાય છે. આ રીતે જ્યારે અનિષ્ટ તત્ત્વો જોર કરી જાય છે, ત્યારે ત્યારે ધરતીનું પેટાળ ચીરીને પણ એ પોતાનું કાર્ય કરી જાય છે. અનંત કાળથી આ ક્રમ ચાલ્યોજ આવે છે, એ ક્રમને પલટાવવાની બાળચેષ્ટા કરનાર અનેક પામરો પોતાના અમૂલ્ય જીવનથી હાથ ધોઇ બેઠા છે. એ નિર્વિવાદ સત્ય છે.

સમાજના ઉરમાં પણ એ જ્વાળામુખીનું અસ્તિત્વ જરૂર છે, જ્યારે જ્યારે સમાજમાં અનિષ્ટ તત્ત્વો વધી પડે છે, તેના બેહાલ દેહને શૃંખલાના પ્રયત્નો થાય છે, તેનાં માંસ અને રક્તનું શોષણ કરવામાં આવે છે, શ્રીમંતશાહી અને સાધુશાહી પૂર્ણસ્વરૂપે પ્રગટી આમજનતાના હક્કોને ઠોકરે મારી તેના હાડપિંજરો ઉપર, તેની અજ્ઞાનતા ઉપર ધર્મનો ઓપ ચઢાવી મ્હેલાતો બંધાવવામાં આવે છે, શાસ્ત્રોના અનર્થો કરી તેને વિકૃત સ્વરૂપમાં રજુ કરી જનતાના આત્માને છુંદી નાખવામાં આવે છે, આલોકની દ્રષ્ટિ છોડી બીજા લોક તરફ દ્રષ્ટિ ખેંચી જનતાને કર્તવ્ય વિમુખ કરવામાં આવે છે ત્યારે આ જ્વાળામુખી અચાનક ફુટી નીકળે છે. ને તમામ અનિષ્ટ તત્ત્વો અને પાખંડને જલાવી નાંખે છે, પાખંડ ઉપર નભતા પામરોની પાખંડલીલા કડડડડ થઇ ભાંગીને ભુક્કો થાય છે, અને જ્વાળામુખી તરફ શાપ વરસાવતા એ પામરો કાળના ગર્ભમાં અલોપ થાય છે.

જૈન સમાજ ઉપર વિચારપૂર્વક દ્રષ્ટિપાત કરવામાં આવે તો જણાશે કે આજ તેનો નિરંજન દેહ મલીન વાતાવરણો અને પાખંડી તત્ત્વોથી ઘેરાઇ ગયો છે. તેના અણુએ અણુમાં તેના રોમેરોમમાં પાખંડ અને વ્હેમ ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા છે. એ વ્હેમ, એ પાખંડ અને એ મલીન વાતાવરણ જ્વાળામુખીને આમંત્રણ આપી રહ્યાં છે. સહજ નજદિકના ભવિષ્યમાં આ જ્વાળામુખી સમાજનાં ઉરમાંથી બહાર પ્રગટશે અને તમામ વ્હેમ અને પાખંડનો નાશ કરી સમાજમાં પ્રગતિનાં દર્શન કરાવશે.

### સાગરાનંદજીના સમુદાયમાં ફુટેલો જ્વાળામુખી

એવા સમાચાર આવ્યા છે કે સાગરાનંદજીના પ્રધાન શિષ્ય ચંદ્રસાગરજીએ ગુણસાગરના સાધુતાને એબ લગાડનારાં કૃત્યો જોઇ તેને કાઢી મૂકવા માટે સાગરજીને જણાવ્યું હતું પરંતુ સાગરજીએ એ બાબત તરફ લક્ષ નહિં આપ્યું એટલે ચંદ્રસાગરજી અને બીજા ચેલા સાધુઓ ગુણસાગર ઉપર તુટી પડ્યા હતા. તેમાં સાગરજી વચ્ચે પડ્યા હતા એટલે તેમને પણ થોડી પ્રસાદી આપી હતી. એક શ્રાવકને પણ માર ખાવાનું બહાર આવ્યું છે. સાગર સમુદાયમાં જ્યારે અનિષ્ટ તત્ત્વે માઝા મૂકી ત્યારે આ જ્વાળામુખી પ્રગટી એ અનિષ્ટ તત્ત્વને જલાવવા ભીષણ સ્વરૂપ ધારણ કર્યું છે. દરેક અનિષ્ટ તત્ત્વો રસાતે એ જ્વાળામાં બળે છે.

**पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।**
**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥**

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડા થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

# —: તરૂણ જૈન. :—

ગુરૂવાર તા. ૧-૩-૩૪

## હેડગામની મંત્રણા.

જ્યારથી નગર શેઠાઈમનું મુનિ સંમેલન ભરવાની વાત બહાર આવી છે ત્યારથી સમાજની દરેક વ્યક્તિમાં કુદરતી રીતેજ આશંકાઓ પેદા થઈ રહી છે. તેમાં 'અમદાવાદના નગરશેઠ સમગ્ર હિંદના સંઘપતિ છે' એ વસ્તુસ્થિતિએ જબ્બર ઉત્કાપાત મચાવ્યો છે. સાધુઓમાં પણ એ માટે વિધવિધ જાતની શંકાઓએ ચિંતા ઉપજાવી છે. એક બાજુ યુવકોનો પ્રકોપ જાગી ઉઠ્યો છે ત્યારે બીજી બાજુ ખુદ સાધુઓમાં પણ પ્રોગ્રામ નક્કી કરવાનો વસવસો પેદા થયો છે. આમ બે બાજુના ઘર્ષણથી સંમેલનનું નાવડું તોફાને ચડ્યું છે. કઈ બાજુએ નાવડું ખેંચાશે એ જાણવું અત્યારે કઠ્યતું છે. એ અરસામાં અમદાવાદમાં ઠીક ઠીક જાગૃતિ આવી રહી છે, અત્યાર સુધી સંમેલન પ્રતિ જે ઉદાસીનતા હતી, તેમાં કંઇક રસ ઉત્પન્ન થયો છે. અને સંમેલન વ્યવસ્થિત કેમ બને ? સંમેલનમાં કયા કયા વિષયો ચર્ચવા યોગ્ય છે ? સંમેલનનો ઉદ્દેશ શું ? વગેરે બાબતો નક્કી કરવા હેડગામમાં ભેગા થવા માટે દરેક સાધુને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમાં કેટલાક સાધુઓએ ભેગા થઈ પ્રાથમિક ચર્ચા કરી હતી, જો કે આ બાબત માટે પરિણામ ગમે તેવું ગણવામાં આવતું હોય છતાં સંમેલન બોલાવનારાની મનોદશા ઉપર આ બીનાથી સચોટ ફટકો પડ્યો છે. નગરશેઠ અને શ્રી નેમિસૂરિએ પણ અમુક આચાર્યોને કોઇ જેવા મધ્યસ્થ સ્થળે ભેગા કરી વિચારોની આપલે કરી કંઇક રાહ નક્કી કરવા માટે પ્રયત્ન કર્યો હતો. પરંતુ અત્યાર સુધી એ પ્રયત્નમાં સફળતા મળી નથી. શ્રી નેમિસૂરિ જે એમ માનતા હતા કે મ્હારા ફરમાનથી અમુક આચાર્યો કોઠમાં મળશે એ માન્યતા ઉંધી પડી છે અને ચુપચાપ અમદાવાદ આવી જવું પડ્યું છે. અહિં દાનસૂરિ, સિદ્ધિસૂરિ, મેઘસૂરિ, પંન્યાસ ધર્મવિજયજી વગેરે છે, છતાં આ મહામુનિઓ એક બીજાને હજુ મળી શક્યા નથી, એજ બતાવી આપે છે કે સંમેલન નિર્વિઘ્ને પસાર થાય એ માનવું ભૂલભરેલું છે.

આવી પરિસ્થિતિમાં હેડગામમાં ભેગા મળેલા સાધુઓ તરફ સ્હેજે લક્ષ ખેંચાય છે. એ મંત્રણામાં ભાગ લેનાર સાધુઓ જુદા જુદા ગચ્છના, વિચારના અને સમુદાયના હોવા છતાં પણ જે અપૂર્વ શાન્તિ અને ઉત્સાહ બતાવ્યો છે એ સારાયે સમાજ માટે આશાજનક છે, એમ કહેવું જરાયે વધારે પડતું નથી.

આશ્ચર્યની બીના તો એ છે કે કલ્પનામાં પણ ન આવી શકે તેવા સાધુઓ કે જેઓ અત્યાર સુધીમાં કદિ પ્રગતિશીલ તરીકે બહાર આવ્યા નથી તેવા સાધુઓની હેડગામની મંત્રણામાં આગેવાની છે, એ બીના યુવકો માટે ઉત્સાહજનક છે. આજ સુધી જે એમ કહેવામાં આવતું હતું કે પ્રગતિશીલ સાધુ અમુક ગણ્યા ગાંઠ્યા છે પરંતુ હેડગામની મંત્રણામાં ભાગ લેનાર મુનિરાજોની સંખ્યા જોતાં એ ભૂલ હવે સ્પષ્ટ જણાવા લાગી છે. આ બધા પ્રગતિચ્છુ મુનિઓને સંગઠિત કરવામાં અમદાવાદ જૈન યુવક સંઘે ખુબ જહેમત ઉઠાવી એ કાર્ય સરળ બને તે માટેના પ્રમાણિક પ્રયત્નો કરવામાં કચાશ રાખી નથી એ માટે તેને ધન્યવાદ ઘટે છે.

હેડગામની મંત્રણાથી અમદાવાદમાં સંમેલન નોતરનારાઓની છાવણીમાં ખુબ તરખાટ મચ્યો હતો. તેમને એ ભય હતો કે કદાચ મુનિ સંમેલનને નામે હેડગામમાં ઠરાવો પસાર કરી સાધુઓ જો વિખરાઇ જાય તો અમદાવાદનું આમંત્રણ અધ્ધરજ લટકતું રહે. એ પરિસ્થિતિએ તેમને ખુબ મુંઝવ્યા હતા અને એ મુંઝવણ દૂર કરવા માટે હેડગામમાં થતું સંમેલન કેમ તૂટી પડે તે માટેના અનેક પ્રયત્નો, કાવાદાવા પ્રપંચજાળ, મુત્સદ્દીગીરી અને માણસો દોડાવવાની પ્રવૃત્તિ ધમધોકાર ચાલુ કરી દીધી હતી. હેડગામમાં ભાગ લેતા સાધુ મુનિરાજોને એક બીજાથી વિરૂધ્ધ સમજાવી હેડગામની મંત્રણા તોડી પાડવાની પેરવીઓ કરી હતી. અમુક સાધુઓને અમદાવાદ તરફ રવાના કરવા માટે કુટનીતિનો પણ આશ્રય લેવામાં આવ્યો હતો અને હેડગામ અમદાવાદનું હરીફ ન બને તે માટે ખુબ સાવચેતી ભર્યાં પગલાં લેવામાં આવ્યાં હતાં. પણ હેડગામમાં ભેગા થતા સાધુઓનો એ ઉદ્દેશ હતોજ નહિ. તેમનો માત્ર એકજ ઉદ્દેશ હતો કે 'સંમેલન વ્યવસ્થિત કેમ બને' તે માટેની પ્રાથમિક વિચારણા અંગે તેઓ એકત્ર મળ્યા હતા. એટલે સંમેલનના સૂત્રધારોની દોડધામ નિષ્ફળ નિવડી હતી અને સાધુઓ પ્રાથમિક ચર્ચામાં સફળતાથી આગળ વધ્યા છે.

જ્યારે એક બાજુથી સમગ્ર હિંદના સંઘોને ત્યાં ત્યાં જે મુનિવરો વિચરતા હોય તેમને અમદાવાદ તરફ જવાનું કહેવાની સૂચના અપાય છે. બહુમૂલ્ય આમંત્રણપત્રિકાઓ બહાર પાડી સાધુ સંમેલન ભરવાની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે બીજી તરફ એકજ વિચારના મળતા સાધુઓનું સંમેલન તોડી પાડવા વિધવિધ જાતના નીચતા ભર્યાં પ્રયત્નો કરવામાં આવે છે. આ બીનાથી સ્હેજે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સંમેલન નોતરનારાઓ પ્રમાણિક છે કે અપ્રમાણિક ? જો પ્રમાણિક હોય તો હેડગામમાં પ્રાથમિક વિચારો કરવા મળતા સાધુઓ એક બીજા વધારે નિકટ પરિચયમાં આવે તે માટે સરળતા કરી આપવી જોઇતી હતી કે જેથી સંમેલન સફળ થઈ શકે. પરંતુ તેમ ન કરતાં તેથી ઉલટીજ દિશાને પસંદ કરી હતી, એટલે મુનિ સંમેલન પાછળ કોઈ ભયંકર કારસ્થાન છે તેમ કલ્પવામાં કંઇ મુશ્કેલી નડતી નથી.

કેટલાક મુનિઓ કે જેઓ અમદાવાદના સૂત્રધારોની મુત્સદ્દીભરી ચાલબાજી પારખી ગયા છે તેઓએ હેડગામ મુકામે એકત્ર થઇ સમાજ અને શાસનનો ફેંસો ન થાય તે માટે અગત્યની મંત્રણાઓ કરી છે. જો કે ત્યાં શું નક્કી થયું એ હજુ સત્તાવાર બહાર પડ્યું નથી છતાં તેમાં ભાગ લેનાર વ્યક્તિઓની મનોદશા જોતાં સંઘ સત્તાને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું હશે, સંઘસત્તા જો સ્વીકારવામાં નહિં આવે તો સંમેલનથી સાધુઓની હાલ જે દશા છે તેથી પણ અત્યંત ભયંકર બુરી સ્થિતિ થશે અને જે હાલ આજે યતિઓના છે તેવી સ્થિતિ ઉપસ્થિત થશે. એટલે સંમેલનના સૂત્રધારો જો અંગત સ્વાર્થને બાજુએ મૂકી સમાજ અને શાસનની પરિસ્થિતિનો ખ્યાલ કરી આગળ પગલું ભરશે તોજ સંમેલન સફળતાને વરશે નહિ તો તેમને માટે ક્યાંયે સ્થાન નથી એ સમજી લેવું પડે.

# પ્રાસંગિક.

## કેસરીયાજી તીર્થ:—

ગુજરાતને છોડીને સમાજના મોટા ભાગનું લક્ષ્ય કેસરીયાજી તરફ ખેંચાયું છે અને શ્રી શાંતિવિજયજી મહારાજના અણુસણુ નિશ્ચયે ખૂબ ખળભળાટ મચાવ્યો છે. ગુજરાત આ બાબત માટે આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર વિશ્વાસ ધરાવતી હોઇ સાધારણુ રીતે ઉદાસીનતા સેવે છે. પરંતુ કેસરીયાજી માટે ઉદાસીનતા સેવવી એ અત્યારે અયોગ્ય છે. ત્યાંની અનેક સાચી ખોટી ખબરો મળે છે છતાં તીર્થ જોખમાઇ રહ્યું છે એ વાત નિર્વિવાદ છે. એટલે તેને માટે સમાજમાં ખૂબ પ્રચાર કાર્યની અનિવાર્ય આવશ્યકતા ઉભી થાય છે. એ માટેની રીત આપઘાતકારક નિવડશે, એ અરસામાં કેસરીયાજી તીર્થના પંડયાઓએ ભોળા યાત્રીઓને ભરમાવવા માટે પ્રચારકાર્ય આદરી દીધું છે અને 'કાળુલાલ અદરવી પૂજારી'ના નામથી પત્રિકા બહાર પાડી તેમાં જણાવવામાં આવ્યું છે કે, 'આ તીર્થના સંબંધમાં આજ દિવસ સુધી જે કાંઇ ગભરામણ થઇ છે તે બધી ખોટી છે. એ બધું વિઘ્નસંતોષીઓનું કાર્ય છે. તીર્થમાં કોઇ પણ યાત્રાળુને જવા માટે પ્રતિબંધ નથી.' આ બીના કેટલી અસત્યથી ભરપુર છે તે છાનું નથી. આવી પત્રિકાઓ બહાર પાડી કેસરીયાજીના પંડયાઓ જાગૃત જનતાને નહિ ફસાવી શકે. તેની મુરાદ કદિ પાર નહિ પડી શકે, તેમણે એ આજીવિકાનું સાધન નભાવવુંજ હોય તો આવા જુઠ્ઠાણાત્મક પ્રયત્નો છોડી દઇ જૈન જનતાને સંતોષ થાય તેવા પ્રયત્નો આદરી દેવા જોઇએ. રાજાને અંગે, શ્રી. શાન્ત્યાચાર્યજી મહારાજ સંદેશો પાઠવે છે કે "રાજાએ પ્રજા સાથે પિતા પુત્ર જેવો સંબંધ રાખવો એ પરમાત્માનો કાયદો છે પાલણપુર નવાબ મુસ્લીમ હોવા છતાં મારા પરત્વે સારી લાગણી ધરાવે છે અને પોતે પ્રજા સાથે એક નવાબ તરીકે નહિ પણ સેવાભાવી મનુષ્ય તરીકે વર્તે છે અત્યારે ઉદેપુરના રાણા સાથે શ્રી કેસરીયાજી તીર્થ માટે જૈનો વચ્ચે જે અશાંતિ ફેલાઇ છે તેના સાન્ત્વન માટે જૈન સાધુ તરીકે મારી ફરજ હોઇ હું ધર્મપ્રેમી મહારાણા પાસે ભિક્ષા માગવા જાઉં છું. સૌ ભાઇ બ્હેનો શાંતિ રાખે અને આપણું આ કાર્ય શાંતિથી વિજયવંત થાય, તેમ પરમાત્મા પાસે અરજી કરૂં છું" એટલે શ્રી શાન્ત્યાચાર્યજીની ભિક્ષા વૃત્તિને સફળતા મળે છે કે કેમ? એ જોવાને થોભવાનું પસંદ કરીએ છીએ.

---

# ગ્રાહકોને સૂચના.

'તરૂણ જૈન'ના ચાર અંકો આપને મોકલવામાં આવ્યા છે, પાંચમાં અંકથી વી. પી. કરવાનું અમે શરૂ કર્યું છે. તો જે ભાઇને તરૂણ જૈનના ગ્રાહક ન બનવું હોય તે મહેરબાની કરીને અમને લખી જણાવે કે જેથી અમારે વી. પી.ના ખોટા ખર્ચમાં ઉતરવું ન પડે બીજું તંત્રી ખાતાને લગતો બધો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો.

તંત્રી 'તરૂણ જૈન' C/o ૯૧ નાગદેવી ક્રોસ લેન,,
મું. મુંબઇ નં. ૩.

## સ્વર્ગવાસ:—

પાટણમાં છેલ્લા થોડા સમયથી માંદગી ભોગવતા શાન્ત મૂર્તિ પૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજના સ્વર્ગવાસની નોંધ લેતાં અમને અત્યંત દીલગીરી થાય છે. આજના સાધુઓમાં તેમનું ચારિત્ર વખણાતું, તેમની શાન્તિપ્રિયતા માટે સમગ્ર સમાજને માન હતું, તેમની આખી જીંદગીમાં તેઓશ્રી ખટપટથી દૂર રહ્યા હતા. સમાજના આવા વિષમ વાતાવરણમાં પણ તેઓ શ્રી તટસ્થ રહી શકયા હતા. પંચાવન વર્ષથી મર્હુમ નિષ્કલંક ચારિત્રની આરાધના કરતા હતા. આજના સાધુઓમાં જે ગણ્યા ગાંઠયા સર્વમાન્ય સાધુઓ છે તેમાં તેમનું અગત્યનું સ્થાન હતું. હાલની સાધુઓની શિથિલતા તેમને ખૂબ સાલતી હતી, તે દૂર કરવા માટે મર્હુમે એમની રીત પ્રમાણે ખૂબ પ્રયત્ન કરેલ છે. અનેક પુસ્તકો રચી વિદ્વત્તાનો જનતાને તેમણે ખૂબ લાભ આપ્યો છે. જગતમાં જેની જોડી બહુજ મુશ્કેલીથી મળે તેવા શાંત ચારિત્રશીલ, અનુભવ વૃદ્ધ વિદ્વાન અને સર્વમાન્ય પુરૂષના 'સ્વર્ગવાસથી' જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. અમે મર્હુમના આત્માને શાંતિ મળો એમ ઇચ્છીએ છીએ.

---

(પૃષ્ઠ ચોથાનું ચાલુ)

શોધીએ ? ધર્મનું નામ લઇને કે બાહ્ય ઉપકરણોને લઇને ફરનારા માનવીઓ પાસેથી એ વસ્તુ લાધવાની છે ?

જગતગુરૂ તરીકે જેની નિત્ય છડી પોકારાય છે એવા શારદા પીઠના શંકરાચાર્ય સાથે થોડા દિવસ પહેલાંજ મારે કારણુ વશાત્ ગોષ્ઠી થયેલી. બાળ વિધવા કે હરિજન એવા પછાત વર્ગનો પ્રશ્ન હતો. તેમણે વાત કરતાં કરતાં એકરાર કર્યો કે એક મનુષ્ય તરીકે જો બોલું તો આ નિર્દોષો પ્રત્યે એમની હમદર્દી છે, પણ ધર્મની પાટે બેસીને કે ધર્મનું શાસ્ત્ર હાથમાં લઇને એમનાથી કશું ન કહી શકાય અને આ પાત્રો અને શાસ્ત્રો ફગાવી દેવા જેવી એમની શક્તિ નથી હોતી. એટલે જ્યાંસુધી યુવકમાં નવી શક્તિ અને વૃત્તિ પેદા ન થાય ત્યાંસુધી બીજો કયો રસ્તો ?

દુંકામાં નિત્ય નવું સર્જન કરનારો પુરૂષાર્થવાદી તેજ યુવક, અને જે તરી તથા તારી શકે એવી પ્રાણશક્તિનો સંગ્રહ કરનારો તેજ તરૂણ. આવી વ્યક્તિઓ પોતાના પ્રાણને પણ હોડમાં મૂકી ધર્મનું શુદ્ધિકરણ કરશે તેમાં શંકા નથી.

એટલે અત્યારે મુનિ સંમેલન કે શ્રમણ સંમેલન ભલે ભરાય ! યુવક શક્તિના ટેકા વિના તે યોજાય છે માટેજ તે ત્યાજ્ય છે. સમાજના પ્રાણુ ખળરૂપ યુવક અને તરૂણ શક્તિનો તિરસ્કાર કરીને તેમાંથી કોઇ શક્તિ પ્રગટવાની નથી; ધર્મ વૃત્તિ તો નથીજ જાગવાની. યુવકની પ્રાણશક્તિ જ્યારે વિકસવા દેવા માટે મોટેરાઓએ તક આપવી જોઇએ, તેવી વેળા તેને રૂંધવાનો પ્રયત્ન થાય છે એ ખરેખર શોચનીય છે. યુવકવર્ગ અત્યારે તો આ સંમેલનને કશું મહત્વ ના આપે અને સમજુ શ્રીમંતો પણ દૂર રહે એજ હિતાવહ છે.

અત્યાર વેળા આપણી પ્રાણશક્તિ ન વેડફાવી જોઇએ પણ એને વિકસાવવા માટે બીજું સ્વતંત્ર સંયોજન થવું જોઇએ.

લાલચંદ જયચંદ વોરા.

# ધર્મનું શુદ્ધિકરણ.

( ૩ )

ધર્મ શુદ્ધિના બાહ્ય સાધનો દેશકાળ અનુસાર બદલાવવા માટે કેવા ભગીરથ પ્રયત્નોની આવશ્યકતા છે તેની કંઈક કલ્પના ગત લેખમાં શરૂ કરેલી અને એ વસ્તુ લંબાવતા લોભ થાય છે. એવી ગંભીર વસ્તુઓ અને સલાહ સૂચના આલેખવાને હું અધિકારી છું ખરો ? પણ આ વિચારણા માટે થોભતો નથી માત્ર વિચાર રજુ કરૂં છું અને સૌ પોત પોતાની પરિસ્થિતિને અનુકૂળ રહી, પ્રમાણિકપણે અને વિશુદ્ધ ભાવનાથી કાર્ય કરે એટલું ઈચ્છી આગળ ચાલુ છું.

એ વસ્તુ સાચી છે કે અંશતઃ ધર્મની સાચી વૃદ્ધિ થતી હોય અને કરોડોની સાખાઓ લય પામતી હોય તો સરખામણીમાં અંશતઃ ધર્મની વૃદ્ધિ ઇષ્ટ છે. પણ ધર્મના સાચા પરીખ આપણે રહ્યા નથી. જ્યાં ધર્મ શુદ્ધિનું નિશાન નથી, વ્યાપાર વ્યવહાર અને ક્રિયાઓમાં નીતિનો સુમેળ નથી ત્યાં અંશતઃ વૃદ્ધિ હોય તો ધર્મને નામે આપણી આંખ સામે લાખોનો માનવ સંહાર કેમ થઇ શકે ? નિર્દોષોની કતલ કેમ થાય ? ધર્મીજનોની સામે અધર્મ કેમ ટકી શકે ?

પણ સૌ કોઈ કબુલ કરશે કે આપણામાં ધર્મ જેવી વસ્તુને સ્થાને ધર્માભાસ અને પામરતા પેઠાં છે અને તેથીજ આપણે બધું નરી આંખે નિહાળી રહ્યા છીએ.

ધર્મ, કદિ અર્થ, કામ અને મોક્ષનો વિરોધી હોઈ શકેજ નહિ. ધર્મ તો અર્થ કામનો રક્ષક છે. બન્નેને વિશુદ્ધ રાખનાર છે. ધર્મ થકી અર્થની હાની કદિ ન થાય

આપણે ત્યાં પ્રત્યક્ષ નિહાળી રહ્યા છીએ, દર દશ સેંકડે હિંદમાં એક બાળક જન્મે છે અને દર પંદર સેંકડે એક બાળકનો સંહાર થાય છે.

હું અહિં સંહાર શબ્દ વાપરૂં છું તેનું કારણ વાસ્તવિક છે. બાળકનો સંહાર (મૃત્યુ) થાય છે, તે બાળકની ભૂલ કિંવા મૂર્ખતાને કારણે નહિ. પણ માબાપ કે જેઓ તેના સર્જક છે તેનીજ મૂર્ખતા અને ભૂલોના કારણે થાય છે. એટલે બાળકના મૃત્યુ માટે કોઈપણ વધુ જવાબદાર કે સંહારક હોય તો તેના માબાપોજ છે. પ્રતિવર્ષ ૬૦ લાખ બાળકો જન્મે અને ૬૦ લાખ જન્મતાંજ મરણ પામે એ ભયંકર ભૂલ નથી ?

અન્ય દેશોના પ્રયોગોથી સિદ્ધ થયું છે કે માણસની બેદરકારી અને મૂર્ખતાથીજ મરણ પ્રમાણમાં ફેરફારો થઈ શકે છે એક સુવાવડથી માતાનું આયુષ્ય ઓછામાં ઓછું ૭ માસ ઘટે છે અને છેલ્લા દાયકામાં આપણા દેશમાં ૨॥ કરોડ જન સંખ્યા વધી એટલે ૨॥ કરોડ જન્મ વધ્યા ત્યારે જન્મતાંજ બાળ-મૃત્યુની ગણત્રીએ ૭॥ કરોડ સુવાવડ થઇ અને દરેક સુવાવડ પાછળ ૭ માસ આયુની હાનિ ગણવામાં આવે તો, કેટલો ગજબ માનવ સંહાર થાય છે તેનો કંઇક ખ્યાલ આવે, વળી સુવાવડમાં દર સેંકડે ૨૫ ટકા કસુવાવડો થાય છે અને દર હજારે ૩૭ બ્હેનો સુવાવડમાંજ મરણને શરણ થાય છે. કસુવાવડોથી અનેક રોગો જીવનભર ભોગવવા પડે છે અને એ વારસામાં મળવાથી પ્રજાની નિર્બળતા વધતીજ જાય છે.

આ બધી વસ્તુ બતાવવાનો હેતુ એકજ છે કે સાચી સર્જકશક્તિ વડેજ પ્રાણવાન વ્યક્તિઓ પેદા થઇ શકે છે. આ મનુષ્યની સર્જનશક્તિ એટલે બધે અવળે રસ્તે વેડફાઇ જાય છે કે તે જન સંખ્યામાં અલ્પત્ત ઉમેરો કરે છે પણ સાથોસાથ પ્રાણ શક્તિનો વિનાશ કરે છે.

આ તો દેશ દ્રષ્ટિએ થયું. આમજ સામાજિક દ્રષ્ટિએ આપણે જો અડસટ્ટો કાઢીએ તો આ બધા કાર્યો પાછળ સમાજના આગેવાનોની જવાબદારી ઘણે અંશે વધી જાય છે, બલ્કે સમાજના આ હ્રાસ માટે આચાર્યોજ જવાબદાર છે.

એટલે સાધુગણ માત્ર સમાજની લક્ષ્મીજ નથી વેડફી નાખતા પણ સમાજની સર્જન શક્તિ, પ્રાણશક્તિ અને યુવક શક્તિનો નાશ કરે છે, કારણ કે જ્યારે ગરિબાઇ અને પામરતામાં સડતો સમાજ પોતાના બાળબચ્ચાને પુરતો પૌષ્ટિક ખોરાક પણ નથી આપી શકતો, ત્યારે દેખાવ પુરતો ધર્મનો ઢોલ અને ધન્ના લઇને સમાજની શક્તિઓને વધારે કચરવાનો શા માટે પ્રયત્ન થાય છે ? જ્યારે અમારો સમાજ બીજા સમાજ સાથે ટકી રહેવા, સુરક્ષિત રહેવા યોગ્ય નથી ત્યારે આચાર્યોએ પોતાના આચારો વડે સમાજની યુવક પ્રજાની ખેર લેવી જોઇએ કે તેમની ભૂલો કાઢવી જોઇએ ? યુવક ગણને દોરવાની શક્તિ તેમનામાં ન હોય તો તેઓએ સવેળા ખસી જવાની જરૂર છે.

આ રીતે ધર્મ વૃદ્ધિ સંભવીજ કેમ શકે ?

સમાજ કે વ્યક્તિનો દોષ કાઢવે આરો આવે તેમ નથી. સમાજ હંમેશ નેતૃત્વ યાને ઔષધ માટે ઝંખે છે અને જ્યારે તેમને ભુલાવામાં નાખવામાં આવે છે ત્યારે તેઓ નામધારી કે બુદ્ધિશાળી વ્યક્તિઓને પદવીઓ આપી રૂણમુક્ત થાય છે. પણ એ જવાબદારી ઓઢનારે આ બધા રૂણો પાછા વાળવા માટે પોતાના દેહ અને પ્રાણશક્તિ ઘસી નાખવા જોઇએ. આમ કરવાને બદલે આચાર્યો શું કરે છે ? તેઓ નાના કે અજ્ઞાનને પોતાથી હલકા ગણે છે. જો નાનાને નાનેરા ગણે તો તો તેમની અનેક જાતની વિટંબણાઓ દૂર કરવી જોઇએ. નાનેરાને પ્રથમ ભાગ આપવો ઘટે છે પણ જ્યારથી આપણે નાનેરાને અસ્પૃશ્ય અને અંત્યજ ગણ્યા ત્યારથી સમાજહીન ક્ષીણ થયો, ધર્મ-વિમુખ થયો.

એક સમય એવો હતો કે જે વેળા શરીર સંઘયેણ બળવાન હતાં આ બળને નહિ જીરવી શકતા અને તેથી તેઓ અનેક સ્ત્રીઓ સાથે લગ્ન પણ કરતાં. આ વસ્તુને મર્યાદિત કરવા શરીર સંઘયેણ અને પ્રાણશક્તિ ટકાવી રાખવા માટે આચાર્યોએ કંદમૂળ આદિ માદક પદાર્થો છોડવાની સાધના આદરી, આજે આપણે અનેક અજાણી દવા પીડશું, અજાણ્યા હાથથી તૈયાર થતી વસ્તુઓનો ઉપભોગ કરીશું. ભ્રષ્ટ એવી કંદની ખાંડ ખાઇશું, પરંતુ મધ કે માખણ જેવી બાળ-ભોગ્ય વસ્તુઓને મુનિમહારાજની શરમને ખાતર ઘરમાંથી હાંકી કાઢશું. કેટલી વિચાર શિથિલતા !

વસ્તુ દેખાવમાં ઝીણી લાગે છે પણ મહત્વની છે. ખોરાક કે વસ્ત્ર જેવી જીવન વ્યવહારની બાબતમાં નવી દ્રષ્ટિએ દેશ-કાળ પરત્વે સમાજના લાભાલાભની દ્રષ્ટિએ જે વર્ગમાં પુરૂષાર્થ નથી, ફેરફાર સ્વીકારવાનો વિવેક નથી ત્યાં ધર્મ જેવી વ્યક્તિગત અને ગંભીર બાબતમાં આપણે ક્યાંથી આશા રાખીએ

જૂઓ પૃષ્ટ ત્રીજું